# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૬ | ૧૪-૧૦-૨૦૦૭ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : શીરીષ પરીખ**

બ્લોસમ કાર્ડ - ૮૮-ઈ ખાડીલકર રોડ,

૪, નારાયણવાડી બિલ્ડીંગ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

ટે.(ઓ.) : ૨૩૮૬ ૦૦૨૯ / ૨૩૮૨ ૫૦૨૫

(ઘર) : ૬૫૦૬ ૯૮૦૬ (મોબાઈલ) : ૯૮૬૯૧૬૩૩૦૫

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# આનંદ માળી બન્યાનો છે

*તંત્રી સ્થાનેથી*

એક ભાઈના ઘરે ગયો હતો. બાળકોની વાત નીકળતાં સહજ પુછયું કઈ સ્કુલમાં જાય છે બાળકો ? આ સહજ સવાલનો જવાબ સાંભળીને હું હેબતાઈ ગયો. ''બાળકોને મેં સ્કુલે મુકયા જ નથી ઘરેજ ભણાવું છું.'' ભાઈ વ્યવસાયે જયોતિષ એટલે જુના ગ્રંથો વાંચ્યા હશે એમાંથી લાગ્યું કે જુના જમાનામાં કયાં સ્કુલો હતી. ગુરૂ ને ત્યાં રહીને જ બાળકો ભણતાં હતા ને આજે સ્કુલમાં શું ભણાવે છે ? નહી ગમતાં નહી કામના વિષયો ભણીને શું કરવાનું ? હું ચોપડીઓ વાંચીને એમને ઘરે જ ભણાવું છું. અને આ સિવાય બધી પ્રવૃતિઓ ઘરે જ કરાવું છું. આ ભાઈ પોતાના આ નવતર પ્રયોગમાં સફળ પણ થયા હશે કદાચ, ચાલીમાં રહેતાં હોવાથી બાળકોને અન્ય બાળકો સાથે રમવાનું હળવા મળવાનું થતું હશે અને સ્કુલનું સહજીવન મીસ નહી થતું હોય પણ શું પોતાની પ્રયોગશાળામાં પોતાના બાળકોને વાપરવાનો હક્ક હતો એ ભાઈને ? ગાંધીજીએ પણ પોતાના પુત્રને આશ્રમમાં રહીને ભણવાનો આગ્રહ રાખેલો ઘણા મોટા ઘરના માબાપ બીજાની દેખાદેખીમાં બાળકોને બોર્ડીંગ સ્કુલમાં પંચગીની કે સિમલા મોકલી આપે છે. બાળકોને ગમે કે ન ગમે ''બેટા અહીં તારો સંપુર્ણ વિકાસ થશે તું મહાન માનવી બનીશ. મોટો માણસ થઈશ'' વગેરે વગેરે આ બધી સમજાવાની ખોટી વાતો પોતાની પાસે પૈસા છે સમય નથી એ છુપાવાની વાતો. પણ આ પ્રયોગમાં સહન કરવાનું કોને બાળકને જ ને ? સામાન્ય ઘરોમાં પણ આપણે જોઈએ તો માબાપ દેખાદેખીમાં બાળકો ઉપર જુલમ

જ કરતાં હોય છે. સાહીલ જો કરાટેમાં જાય છે. રીમા જો ડાન્સમાં જાય છે. સ્કેટીંગ તો શીખવું જ જોઈએ, કંઈ નહી તો કેલીગ્રાફી શીખ, ડ્રોઈંગની પરીક્ષા આપીશ તો પાંચ માર્કસ એડ થશે. ઈલોકયુશનના કલાસ શનિવારે છે ફકત એક કલાક, આલોક જો કેવો મસ્ત બોલતો થઈ ગયો. વિશાલ તો ડ્રામેટીકસમાં જાય છે. તારો અવાજ કેટલો સરસ છે. મ્યુઝીક કલાસમાં જઈને ઈન્ડીયન આયડોલ થવું છે ને ? ક્રિકેટમાં ધોનીનો દાખલો હોય ને ફુટબોલમાં પેલેનો પણ બાળકને શું કરવું છે ? એને શું ગમે છે એને શેમાં મજા આવે છે એ પુછ્યું ? બાળકોને શું ખબર પડે ? આજનો જમાનો કેટલો ફાસ્ટ છે તમને ખબર છે છોકરો પાછળ રહી જશે તો ? એ ચિંતાનો ભાર પણ બાળક ઉપર. બિચારો સ્કુલમાંથી ટયુશનમાં, ટયુશનમાંથી આ કલાસમાં ને પછી પેલા કલાસમાં છોકરાઓનો વિકાસ થાય છે કે રૂંધાય છે. ? સામાન્ય રીતે મા-બાપ વિચારતા હોય છે કે પોતાને નથી મળ્યુંએ બધું જ છોકરાઓને આપીએ, પોતાના બાળપણમાં જે આપણે નથી મેળવી શકયા એ બાળકોને શીખવીએ પોતાની અધુરી રહેલી ઈચ્છાઓ પણ બાળકો દ્વારા પુરી કરવાનો પ્રયત્ન થતો હોય છે. મને ડોકટર થવું'તું પણ સંજોગો નહોતાં, મારા પિતા પાસે પૈસા નહોતા, મારા માનીતને તો મારે ડોકટર બનાવવો જ છે. પછી ભલે માનીતની ઈચ્છા નહોય કે એટલી હોશિયારી ન હોય. મને ડાન્સ એટલો ગમે પણ કંઈ નહી મારી શિમોની ને તો હું આરંગેત્રમ સુધી પહોંચાડીશ જ.

ઘણા માબાપ માટે બાળક એ પોતાનું શોકેસ હોય છે. પોતાની બાળકો પાછળની મહેનત અને હોશિયારી બતાવવાનું શોકેસ. અંકલને તારુ પેઈન્ટીંગ બતાવતો. મારો યશ તો એટલો સરસ ડાન્સ કરે છે અંકલને પેલો ધુમનો ડાન્સ બતાવતો. બાળકોને ગમે તો ઠીક દેખાડે પણ ઘણી વાર જોર જબરજસ્તી પણ થાય. જો નહી બતાવેતો પછી અંકલ કહેશે આ તો ડોબો છે એને કંઈ આવડતું નથી અથવા તો લાલચ અપાય.

કેટલીક મા અતિ ઉત્સાહી હોય એની દુનિયા એના બાળક સુધીજ સિમિત હોય બાળકની પાછળ, પરીક્ષાના પેપર પણ પાછા પોતે ચેક કરે ને અડધો એક માર્ક પણ આગળ પાછળ થાય તો ટીચર સાથે ઝગડી આવે. સ્કુલના છ કલાકમાં પણ બાળકને ન છોડે. કંઈક આપવા લેવાના બહાને રોજ સ્કુલમાં આંટો મારે ને ટીચરોના માથા ખાય. અમારી સ્કુલમાં એક છોકરીની મમ્મી દસમી સુધી રોજ બપોરે દુધ નાસ્તો લઈને સ્કુલમાં ખવડાવવા આવતી. બીજા બધા ભલે સાથે મળીને નાસ્તો કરે છોકરીને તો મમ્મી પાસે બેસીને જ એકલા એકલા નાસ્તો કરવો પડતો. અતિ ઉત્સાહી માતાઓ બાળકોને વિચારવાનો પણ મોકો ન આપે એની નજર બીજા બધાજ છોકરાઓના વિકાસ ઉપર હોય બધા આગળ નીકળી જાય ને ક્યાંક મારો બકો પાછળ ના રહી જાય.

બાળક ઉપર આપણી માલીકી નથી. બાળક આપણા દ્વારા આ સૃષ્ટિમાં આવે છે એ વાત સાચી પણ એ આપણી સંતતિ છે સંપત્તિ નથી. એના ઉપર માલિકીભાવ નહી પાલકભાવ રાખવાનો છે અને પ્રેમથી પાળવાનો છે. ઉછેર તો એનો એની મેળે થશે. ફક્ત પ્રેમરૂપી સિંચન કરવાનું છે, બાળપણમાં આપણે બાળકને આપીએ એનાથી અનેક ઘણો આનંદ અને ખુશી એ એના નિર્દોષ વર્તન દ્વારા આપણને આપતો હોય છે. એની આંખોનું અપાર કુતુહલ અને આશ્ચર્ય આપણને ઐશ્વર્યનો અહેસાસ આપે છે. કપટી અને સ્વાર્થી જગતમાં ખોવાઈ ગયેલી આપણી નિર્દોષતા

પાછી આપે છે. સૌ પ્રથમ જરૂર છે એના વિસ્મયને એના કુતુહલને પોષવાની એના દરેક સવાલનો યોગ્ય અને સમજણપુર્વકનો જવાબ આપવાની એના સવાલોને મઝાકમાં ઉડાવી ન દેવાય કે એની મશ્કરી ન થાય. વાર્તાઓ દ્વારા એના વિચારોને પાંખો આપવાની ખુબ જરૂર છે. એ વાર્તાઓના પાત્રોમાં એ પોતાની કલ્પના કરતો હોય છે અને સારા પાત્રોની એનામાં રહેલી સારપ, હિંમત, હોશિયારી એને એવા થવા પ્રેરતી હોય છે. સારી વાર્તાઓ દ્વારાજ ગળથુથીમાં સંસ્કારનોનું સિંચન થઈ શકે. ત્યારબાદ આવે છે એના શોખ, એના રસનો વિષય એને ગમતી રમત, એને ગમતી પ્રવૃતિ આ બધુ એની ઉપર ઠોકી બેસાડવાનું નથી એને પારખવાનું છે. બીજા શું કરે છે એ નહી પણ આપણા બાળકને શું ગમે છે એ શોધી ને એને એ દિશામાં પ્રોત્સાહીત કરવાનું કામ છે આપણું. આ બધું સહજ થવું જોઈએ જબરજસ્તી કે વધારે પડતું દબાણ ઘણી વખત બાળકને પોતાના એ શોખથી વિમુખ કરી નાખે છે. ભણવાની બાબતમાં પણ એના વિચારો એની આવડત એના રસનો વિષય ધ્યાનમાં લઈને લાઈન લેવડાવવાની છે નહી કે આપણી અધુરી ઈચ્છાઓ પુરી કરવા. એને કે આપણે એકજ વિચારવાનું કે શું આ ભણ્યા પછી જીંદગીના ત્રીસ કે ચાલીસ વર્ષ એ કામ કરવું મને ગમશે ? બીજા લે છે એટલે એ લાઈનમાં જવું અને પછી આખી જીંદગી પસ્તાવું એનો શો અર્થ.

બાળકોને માર્ગદર્શન આપી શકાય, દિશાસુચન કરી શકાય, કોઈપણ નિર્ણયની સાચી ખોટી બાજુથી માહિતગાર કરી શકાય, સાચા ખોટાની સમજણ આપી શકાય પણ પછી એના નિર્ણયને ખેલદીલી પુર્વક સ્વીકારી લેવો જોઈએ. એને મુક્ત વાતાવરણ આપવું જોઈએ. માણસ, પોતે નિર્ણય લેતો થાય અને એ નિર્ણયમાં સાચો કે ખોટો પડે એની જવાબદારી પોતે સ્વીકારતો થાય તો એ ઉછેર સાચો. બાકી મા બાપે લીધેલા કેટલા નિર્ણયો સાચા કે ખોટા પડે છે એ દરેક માણસ પોતાનું જીવન તપાસે તો ખબર પડે અને એમાં દોષ કોનો ? આપણે માબાપ તરીકે દોષનો ટોપલો આપણા માથે નથી લેવો. આપણે ફક્ત આપણું સંપુર્ણ આપીને ઉછેર કરવાનો છે. સંસ્કારો, પ્રેમ અને સમજણનું સિંચન કરવાનું. ફુલ કયું ખીલશે એ એના બીજમાં લખાયેલું છે, ફકત આપણે એને વધુ હર્યુ ભર્યુ કે સુંદર બનાવી શકીએ. બાકી ફુલો તો જંગલમાં કોઈપણ જાતની માવજત વિના પણ ખીલતાંજ હોય છે. આપણે માલીક નહી, બસ માળી બન્યાનો આનંદ લઈ શકીએ. પ્રમાણસરનો તડકો, ખાતર અને પાણી આપી શકીએ રંગ અને સુગંધ નહી.

✍ નિખિલ પરીખ

# ચક દે ઈન્ડિયા....!

# છક હો ગઈ દુનિયા.... !

*- પંકજ કે. શાહ.*

સાઉથ આફ્રિકામાં રમાયેલ સૌ પ્રથમ ટવેન્ટી - ૨૦ વર્લ્ડકપમાં ઈન્ડિયાનો શાનદાર દેખાવ રહ્યો અને ચેમ્પિયનોને છાજે એવી મર્દાનગીભરી રમતનું પ્રદર્શન કરી વર્લ્ડકપ જીત્યા.

માર્ચ - ૨૦૦૭માં વેસ્ટઈંડિઝ ખાતે રમાયેલ વર્લ્ડકપમાં ઈન્ડિયાનો દેખાવ સાવ કંગાળ હતો. શરૂઆતમાં જ આપણી ટીમ ટુર્નામેન્ટની બહાર ફેંકાઈ ગઈ હતી.

માત્ર છ મહિનાનો સમય ગાળો આ દરમ્યાન એવુ તે શુ બની ગયુ કે સાવ તળિયે બેઠેલી ટીમ એકાએક ટોપ ઉપર આવી ગઈ. ધ્યાનથી જોવા જઈએ તો સમયનું ચક્ર અજબ-ગજબ રીતે ફરી ગયું.

ટવેન્ટી-૨૦ વર્લ્ડકપની વાત કરીએ તો છલોછલ આત્મવિશ્વાસ અને પ્રચંડ ચેતનાથી ભરેલી સંપુર્ણ યુવાટીમ નવોલીડર, નૂતન અભિગમ અને નવિન ધ્યેય. પોતાનામાં રહેલ તમામ શક્તિ, આવડત, અનુભવ, જોમ-જુસ્સો દાવ ઉપર લગાવી દેવાની ઉત્કંઠા. નિર્ભય બની નૈસર્ગિક રમત ખેલવાની તત્પરતા શ્વાસ થંભાવી દે તેવી ક્ષણ હોય ત્યારે પણ ધૈર્ય, એકાગ્રતા, હિંમત અને આક્રમકતા ઉપરની પકડ તમામ સકારાત્મક પ્રયત્નો કરી છુટયા બાદ ફળની અપેક્ષા ઈશ્વર ઉપર છોડી દેવામાં આવે તો જ આવા ચમત્કારીક વિજયો હાંસલ કરી શકાય. એક પણ ઈન્ટરનેશનલ મેચ નહિ રમેલ રોહિત શર્મા સાઉથ, આફ્રિકાથી પોતાના કોચને કોલ કરી કહે છે. '' IF I WILL BE SELECTED I WILL PROVE MY SELF.'' અને પોતાની પ્રથમ મેચમાં મેન ઓફ ધ મેચ બની તેણે પોતાની કાબેલિઅત પુરવાર કરી બતાવી. દરેક ખેલાડીનો દેખાવ શાનદાર રહ્યો.

કાગનું બેસવુ અને ડાળનુ પડવુ માનવુ હોય તો તેમ અને જોગાનુજોગ સમજવુ હોય તો તેમ પણ ''ચક દે ઈન્ડિયા'' ફિલ્મ રીલીઝ થયા બાદ રમત-ગમતની દુનિયામાં આપણા રમતવીઓએ ગજબની સ્ફૂર્તિથી અનોખી ''શાખ'' અને 'ધાક' ઉભી કરી ધીધી છે.

નવમી સપ્ટેમ્બરે ભારતીય હોકી ટીમે શાનદાર રમત રમી એશિયન કપ મેળવ્યો. આ સ્પર્ધા જેઓએ ટીવી ઉપર માણી હશે તેમને આપણી ટીમમાં અભૂતપૂર્વ ઉત્સાહ. સંઘબળ અને સચોટ આયોજનના દર્શન થયા હશે. સમગ્ર ટુર્નામેન્ટમાં એક પણ મેચ હાર્યા વિના આપણી ટીમે કુલ ૫૭ ગોલ નોંધાવ્યા હતા, અને ફાઈનલ મેચમાં વિશ્વવિજેતા ગણાતી કોરિયાની ટીમને પાંચ ગોલના તફાવતથી હરાવી હતી.

ક્રિકેટની વાત કરીએ તો. ટીમ ઈન્ડિયાએ ખૂબજ લાંબા અરસા બાદ ઈંગ્લેન્ડમાં ટેસ્ટશ્રેણી જીતવાનો વિક્રમ કર્યો. યુએસ હાંડકોર્ટ ટેનિસ સર્કિટમાં સાનિયા મિરઝાનો સિતારો ચમકદાર રહ્યો. નહેરુકપ ફૂટબોલમાં પણ ભારતનો દેખાવ સારો હતો. બેડમિન્ટનની વાત કરીએ તો ૧૯૮૧ માં પ્રકાશ પ્રદુકોણ વિશ્વકપ જીત્યો ત્યારબાદ આ રમતનું સ્તર એકદમ સામાન્ય થઈ ગયુ હતુ. પણ આ વર્ષે યોજાયેલ ચેમ્પિયનશિપમાં અનુપ શ્રીધરનો દેખાવ ખૂબજ શાનદાર હતો.

''ચક દે ઈન્ડિયા'' ફિલ્મે આપણા રમતવીરોમાં જગાવેલી ચેતના સદાકાળ રહે એવુ આપણે બધા જ ઈચ્છીએ. મારી દ્રષ્ટિએ માત્ર ખેલાડીઓ માટે જ નહિ, પરંતુ સામાન્ય જીવન જીવતા લોકો માટે પણ આ ફિલ્મ પ્રેરણારૂપ છે.

જે વ્યક્તિઓએ જીવનમાં વેદના ભોગવી છે, દર્દનો અનુભવ કર્યો છે, નાલેશીનો સામનો કર્યો છે, અપમાન

અને અવહેલના ભોગવ્યા છે, તિરસ્કારનો તાપ સહન કયો છે, પછડાટનો માતમ વેઠ્યો છે, એ તમામ વ્યક્તિઓને આ ફિલ્મ એક માર્ગ બતાવે છે. જો મનુષ્યનું દિલ સાફ હોય, પોતાનામાં વિશ્વાસ અને પ્રભુમાં શ્રદ્ધા હોય અને જીવનમાં સત્યતાનો રણકાર હોય તો જીવનમાં ફરીથી સુનહરી પ્રભાત જરૂર કિરણો રેલાવે છે.

આ પિકચરનો ઈતિહાસ પણ એટલો જ રસપ્રદ છે. લેખક જયદીપ સહાનીને આ સ્ક્રીપ્ટ લખવાની પ્રેરણા એક સમાચાર પત્ર માંથી મળી હતી. એક વખત આપણી મહિલા હોકી ટીમ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે બહુ અગત્યની મેચ જીતી ગઈ હતી. પેપરના એકાદ ખૂણામાં આ સમાચાર છપાયા હતા. લેખક હ્રદયમાં વ્યથા થઈ ''ઈન્ટરનેશનલ લેવલ ઉપર જીત મેળવી છતાં છાપામાં આટલુ ઓછુ મહત્વ - આવો પક્ષપાત શા માટે?'' અને મનોમંથનમાંથી જન્મ થયો એક પ્રેરણાદાયક સ્ક્રીપ્ટનો સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ કંઈક લખવા બેસે ત્યારે જાણે-અજાણે પોતાના અંગત જીવનની ઘટનાઓની છાંટ એમાં જરૂર વર્તાય છે. યોગાનુયોગ કહો કે કુદરતનો કોઈ સંકેત ગમો લેખકે કબીરખાનનું જે પાત્ર લખ્યુ છે, તે ભારતીય હોકી ટીમના એક ભૂતપૂર્વ ખેલાડીના જીવનમાં બની ગયેલી સત્ય ઘટના છે. પણ આ વાતનો લેખકને જરાય અણસાર નહોતો.

હોકીની રમતના જાણકારોને જરૂર યાદ હશે કે ૧૯૮૨માં ભારત અને પાકિસ્તાનવચ્ચે હોકી મેચ રમાઈ તેમાં ભારતના ગોલકીપર શ્રી મીરરંજન નેગી હતા. આઠ ગોલથી આપણો કારમો પરાજય થયો ત્યારે ટીવીના એક શીખાઉ પત્રકારની ભૂલને કારણે નેગી પર સમગ્ર મિડિયાએ ગદ્દાર અને દેશ દ્રોહીના કલંકની કાળી ટીલી લગાડી દીધી હતી. આખીય સ્ક્રીપ્ટ તૈયાર થઈ ગયા બાદ હોકીની રમતને લગતા ટેકનીકલ માર્ગદર્શન માટે અનુભવી એવા મીરરંજન નેગી તથા ધનરાજ પિલ્લેને મદદ માટે બોલવામાં આવ્યા, ત્યારે નેગી એ આ કહાની વાંચી અને ચોધાર આંસુએ રડી પડયા. પોતાના જીવનની દુ:ખદ ઘટનાને એટલી માવજતથી લોકો સમક્ષ રજુ કરી કે દુનિયા દંગ રહી ગઈ. આખીય ફિલ્મમાં વાસ્તવિકતાના દર્શન થાય છે.

આ ફિલ્મમાં કબીરખાનના પાત્રમાં શાહરૂખનો અભિનય લાજવાબ, જીવંત અને બેનમૂન છે. આ કલાકારના જીવનથી જેઓ પરીચિત હશે તેઓ જરૂર જાણતા હશે કે ''એક અભિનેતા બનતા પહેલા તેણે પોતે પણ હિંમતથી ભાગ્યનો સામનો કર્યો છે.'' એ જ્યારે ૧૫ વર્ષનો નાદાન બાળક હતો ત્યારે તેના પિતાનું કેન્સરની ભયંકર બીમારીથી અવસાન થયું. આ આઘાતથી તેની પ્યારી બહેન માનસિક સંતુલન ગુમાવી બેઠી, નાની વયે પોતાની માતા તથા માનસિક રીતે અપંગ બહેનને જીવનભર સાચવવાની પ્રતિજ્ઞા કરી યુવાનીમાં પ્રવેશતાં તે એક હિન્દુ છોકરીના પ્યારમાં ઘાયલ થયો. તેને લગ્ન માટે રાજી કરવા દિલ્હીથી મુંબઈ આવ્યા. ગૌરીનું હ્રદય જીતી જીવનભરના સાથી બન્યા. થોડા સુખના દિવસો આવ્યા, ત્યાંજ માતાનું અવસાન થયું. નિયતીના ખેલનો તેઓએ હિંમતથી સામનો કર્યો.

શાહરૂખખાન બનવા ઈચ્છતા હતા મીલીટરી ઓફિસર અને બની ગયો ઉમદા કલાકાર. શરૂઆતના દિવસોમાં એક વાર તે વિશ્વાસથી બોલ્યો હતો. ''એક દિ મુંબઈ શહેરમાં હું રાજ કરતો હોઈશ.'' આત્મવિશ્વાસથી ભરેલા તેના આ શબ્દો આજે તેણે સાર્થક કર્યા છે. તે હંમેશા કહેછે ''મનુષ્યે જો હરીફાઈ કરવી હોય તો પોતાની જાત સાથે જ કરવી જોઈએ.''

આજથી લગભગ નવ વર્ષો પૂર્વે આ દિલેર કલાકારને માત્ર પાંચ મિનીટ માટે પ્રત્યક્ષ મળવાનો મોકો મળ્યો હતો. ત્યારે પણ તે સફળતાના શિખર ઉપર જ હતો. મેં સહજ એક પ્રશ્ન પુછ્યો હતો. ''આપકો સફલતા કી ટોચ પર સે ગહરી ખાઈમેં ગીર જાનેકા ડર તો હંમેશા રહતા હોગા'' ત્યારે પોતાના મારકણા

હાસ્યથી તેણે જવાબ આપ્યો હતો. ''હર પલ મેરી નજર આસમાન કો કૈસે છુઆ જાય ઉસ ઓર હી રહતી હૈ.''

આજે તેના અભિનયના કારણે તે આસમાનની બુલંદી સુધી પહોંચી ગયો છે. પોતાની પડકારરૂપ જિંદગીનો કસબ, કબીર ખાનના પાત્રમા તેણે રેલાવી દીધો છે. કાયમ માટે યાદ રહી જાય એવો રોલ ભજવી ચક દે ઈન્ડિયાને ખરેખર ચમકાવી દીધી છે.

ઈશ્વરીય સંકેત ગણો કે વિધાતાની ઈચ્છા માનો '' ચક દે ઈન્ડિયા'' એ યુવા રમતવીરોની જિંદગીમાં સ્પાર્કનું કાર્ય કર્યું છે.

ગુડ લક ઈન્ડિયા.. આવી પ્રેરણાદાયક ઘટનાઓમાંથી તરવરાટ, તાજગી, જોમ, ઝનુન મેળવતા રહીએ. ભારત દેશને ચમકાવતા રહીએ અને વિશ્વને ચકાચોંધ કરતા રહીએ.

✤✤✤✤✤


## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૬૫૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪



## ચક્ષુદાન મહાદાન

મૃત્યુબાદ, ચક્ષુદાન બે વ્યક્તિને
દૃષ્ટિ આપી શકે છે.
આંખરૂપી રત્નોને અગ્નિદાહમાં ન હોમતાં,
સંપર્ક કરો - ટે.નં. - ૧૯૧૯



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબૅન કાંતિલાલ દૉશી પુરસ્કૃત મહિલા વિભાગ

## નવરાત્રનિો કાર્યક્રમ :-

**તારીખ :- ત્રીજી નવેમ્બર ૨૦૦૭, શનિવારે**
**સમય :- બપોરે ૨.૩૦ વાગે**
**સ્થળ :- હિન્દી વિદ્યા ભવન સ્કુલના ઓડિટોરીયમમાં**

નવરાત્રિના ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ઉંમર પ્રમાણે ગ્રુપ બનાવી હરિફાઈ રાઉન્ડ રાખવામાં આવશે અને સુંદર વેશભૂષા તથા સુંદર રમનારને ઈનામ આપવામાં આવશે.

આ કાર્યક્રમના નાસ્તા તથા કોલ્ડડ્રીંકના પાસ રૂા. ૨૦/ લઈ સંસ્થાની ઓફિસમાં તારીખ ૧૯-૧૦-૨૦૦૭ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ માં આપવામાં આવશે.

**નવરાત્રીની લ્હાણી :-** Yera Co. ની ૬ transparent ૧૦ '' ની પ્લેટસ રૂા. ૧૧૫/- (એકસો પંદર પુરા) માં લ્હાણીમાં રાખવામાં આવી છે. લ્હાણી પાસ તારીખ ૧૯-૧૦-૨૦૦૭ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ માં સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે. સાથે સભ્યકાર્ડ લાવવું જરૂરી છે. નવરાત્રીની લ્હાણી તારીખ ૩-૧૧-૨૦૦૭ - શનિવારે હિન્દી વિદ્યા ભવનમાં રાખવામાં આવેલ કાર્યક્રમમાં જ આપવામાં આવશે.

**નોધઃ-** અમને જણાવતા આનંદ થાય છે કે આ હરિફાઈના ઈનામો શાંતાબેન મોહનલાલ શાહ (ચકવા) તરફથી આપવામાં આવશે.

## દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ :-

અમને જણાવતા આનંદ થાય છે કે આપણા દિવાળી સ્નેહ સંમેલનના માનવંતા મુખ્ય મહેમાન શાંતાબેન મોહનલાલ શાહ (ચકવા) છે. મહિલા વિભાગના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરવા બદલ અમો શાંતાબેન તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**તારીખ :- ૧૬ મી નવેમ્બર ૨૦૦૭ શુક્રવાર**
**સ્થળ :- તેજપાલ હોલ, ગોવાલિયા ટેક.**
**સમય :- બપોરે ૨.૩૦ વાગે**

## આપ કી ફરમાઈશ

આ કાર્યક્રમના પાસ રૂા. ૩૫/- લઈ સંસ્થાની ઓફિસમાં તારીખ ૨૭ મી ઓકટોબરે બપોરે ૩.૦૦ થી ૫.૦૦માં વહેલા તે પહેલા ના ધોરણે આપવામાં આવશે. પાસ લેતી વખતે તથા કાર્યક્રમમાં સભ્ય કાર્ડ સાથે રાખવું જરૂર છે.

આ કાર્યક્રમનું સંચાલન શ્રી કુલરાજ બેદી કરશે. પાસની સાથે ગીતોનું એક લીસ્ટ તથા ચીટ આપવામાં આવશે. આપે આ લીસ્ટમાંથી એક ગીત Select કરી ચીટમાં લખી તેજપાલમાં દાખલ થતી વખતે એક Box રાખવામાં આવશે, એમાં નાખવાની રહેશે. જે બહેનોના નામની ચીટ ખેંચાશે એ સહુ બહેનોને ઈનામ આપવામાં આવશે.

*- મિનોતી શાહ - સંયોજક, મહિલા વિભાગ.*

# યુગ પુરુષ
# શ્રી કૃષ્ણ- ત્રિભુવન તારણહાર

- ઉષા એસ. ધારીયા

**''સકળ જગતના સ્વામી એક તું શ્રી હરિ**
**અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ..શ્રી હરિ''**

શ્રી હરિ એટલે હસતો રમતો આપણો શ્રી કૃષ્ણ. શ્રી કૃષ્ણ મધુર છે, તેનું સર્વ કાંઈ મધુર. વર્ષોના વર્ષ વહી જાય પરંતુ આજેય તે સર્વના દિલમાં વસેલો છે. તેના નામથીજ તેના ગુણો શરૂ થાય છે. શ્રી કૃષ્ણ-ઈતિ આકર્ષયતિ. ૫૦૦૦ વર્ષ પહેલાંનો કૃષ્ણ આજે પણ એટલો જ રસિક સૌ કોઈ નાના મોટાને આકર્ષે છે.

હરમાં વસે એ હરિ, આપણો ઓલો નટખટ શ્રી કૃષ્ણ જ તે તો અજર,અમર, અજન્મા છે અને છતાં તેમને ''ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે'' જન્મ લીધો અને જેલમાં થયો જન્મ, રાતના બાર વાગે. જેલનાં બંધન તૂટયાં અભેદ રીતે અને આ આપણને સુબોધ આપે છે. આપણે પણ માયા, લોભ, મોહના અભેદ કિલ્લામાંથી બહાર આવવાનું છે અને જન્મ થતો જ પ્રભુની જ્યોતિ ફેલાઈ તેવી જ રીતે આપણા જીવનનો અંધકાર મિટાવી દેવાનો હોય છે. જેમ રાત પછી દિવસ આવે અને કલિયુગ પછી સતયુગ આવે છે. વળી મેઘરાજા રીમઝમ વરસીને તેમનું સ્વાગત કરતા હતા. મેઘના તાંડવમાં જેલમાંના સિપાઈઓ ગહેરી નિદ્રાંમાં સૂઈ ગયા જેથી વાસુદેવ તેમને સુરક્ષિત બહાર લઈ જઈ શક્યા, કુદરત પણ સાંચને આંચ આવવા દેતી નથી અને સાથ આપે છે મેઘરાજાની જેમ અષ્ટમીના ચાંદના અજવાળે યમુનાજીના કાળા ભમ્મર પાણીમાં માર્ગ કરતાં ગોકુળમાં નંદબાબાબાને ઘરે લઈ જઈ રહ્યા હતા. પરંતુ શ્રી કૃષ્ણના સ્પર્શ મેળવવા શ્રી જુમનાજી ઉંચાને ઉંચા થવા લાગ્યા, અને જ્યારે તેમના અંગુઠાનો સ્પર્શ મેળવ્યો કે પાણી ઓસરવા લાગ્યા. વાસુકી નાગ પણ પ્રભુજીને છત્ર ધરી ઠાકોરજીને ભીંજાવા દેતા ન હતા. આમ મથુરાની જેલમાં જન્મ પામી આપણને સુબોધ આપતાં ગોકુળ નંદબાબાના ઘરે જશોદામાતાની કોખ ઉજાળવા આવી ગયા. વળી એક સુબોધનું સોપાન અને લોકોમાં પૂર્ણ રીતે જાગૃતિ આવે એ માટે માતા પિતા ન હોય એવા નોધારા બાળકને દત્તક લેવાનો સંદેશ આપે છે. દેવકીમાનો જાયો અને જશોદામાંના ઘરમાં ઉછર્યો. આ અદભૂત સંદેશને જે માતા ન બની શકે એવી દરેક બહેનો નોધારા બાળકને એડોપ્ટ કરે અને જશોદાજીની જેમ બાળકને ઉછેરે.

હવે બાલાપણની લીલા જોઈએ. લાલાને માખણ બહુ ભાવે નવનીત પ્રિય આ નવનીતને મંથન કરી બહાર લાવવાનું છે દૂધનું, દહી, છાશ, મથી માખણ તારવી લો. એજ રીતે આપણા હૃદયનું મનોમંથ કરી નવનીત બહાર લાવવાનું છે, અને માખણ જેવું શ્વેત અને સ્નિગ્ધ છે એવા આપણે સરળ સ્નિદ્ધ અને શ્વેતરંગી બનવાનું છે એટલે કે નિર્મળ, સરળ હૃદયી બનવાનો સંદેશ છે. આ પછી એમની વાંસળીના સુમધુર સુર રેલાવ્યા જેવા મીઠી વાંસળીના સુર એવી જ મીઠી તમારી જીંદંગી બનાવો વળી બીજી એક વાત, પ્રભુ વાંસળીમાં ફૂંક મારે છે, તેની એ ફૂંકથી જ આપણા હૃદય ધકધક થાય છે. બ્લો અપાય છે ત્યાં સુધી જ આપણું જીવન જીવી શકીએ છીએ અને નહી તો આપણે મૃતપ્રાય થઈ જઈએ છીએ, આમ ઠાકોરજીથી આપણું જીવન અને મૃત્યુ નિશ્ચિત છે અને તેના તોલમાં આપણા કર્મ જરુરથી તોલાય છે.

વળી દિવાળી પર્વ મનાવી ઠાકોર ઘેર અન્નકૂટ

ભરાય અને આ પ્રસાદી ગામના બધાં લોકો મેળવી ખુશ થતા. ઠાકોરજી પૂઠે અન્નશકડી મેળવી જીવનને ધન્ય માને. ગોપીઓના પોતાના સિકે ઝુલતી હાંડીમાં માખણ ભરેલું હોય તે બધા ગોવાળિયાને ભેગા કરી એકની પીઠ પર ચડી હાંડીમાનું માખણ શ્રીકૃષ્ણ બધાંને ખવરાવતાં. કંસના દરબારમાં દૂધ, છાશ, માખણ બધું મોકલવું પડતું તેથી ગ્વાલબાલને કંઈ મળતું નહી તેથી શ્રીકૃષ્ણ આમ માખણની ચોરી કરીને ગ્વાલબાલને ખવરાંવતાં માખણ. આમાં વિશ્વબંધુત્વની ભાવના ભરેલી છે, બીજું શ્રેય એ પણ છે કે મનમાં રહેલા વિકારોની હાંડી અને દૂર્ગુણોની હાંડી ફોડી નાંખો.

ઈશ્વર આપણી પાસે પ્રેમ ભક્તિ અને મન માંગે છે. ઈશ્વર તો ત્રિભુવનનો નાથ છે, તેને શેની ખોટ છે. નિગમ,નિરાકાર, નિરંજન પ્રભુ તમારી પાસે કરુણા, પ્રેમ અને નિસ્વાર્થતા માંગે છે. વિશ્વ બંધુત્વમાં જ ધર્મ અને સત્ય સમાયું છે

નાગદમન કરી સમાજમાં રહેલા વિષારી તત્વને મીટાવી દેવાનો જ પ્રયાસ છે, અને નાગદમન કરી ''જુગટુ રમતાં નાગનું શિશ હારીયો'' આ ઉક્તિને જૂઠલાવી લોકો શ્રાવણ માસમાં પાના અને જુગાર પૈસેથી રમે છે. શું શ્રી કૃષ્ણ ક્યારેય આવો આદેશ ઉચ્ચારી યા આચરી શકે ખરા ? એક ઓર અનેરો સંદેશ કે શ્રી કૃષ્ણ પોતે દ્વારકાના રાજા હતા. પરંતુ બાળમિત્ર સુદામા સાથે તથા ગરીબ ગ્વાલ બાલ સાથે ગોકુળમાં રમતા રહયા ત્યારે કોઈ મોટું નથી અને કોઈ નાનું નથી એટલે મિત્રતાને ગરીબ તવંગરનો ભેદ રાખ્યા વિના નીભાવી હતી.

નંદનવન, મધુબન, કામબન, બહુલાબનની નિકુંજમાં ઝુલા બાંધી હિંડોળા પર રાધાજી સંગે ઝુલતાં એટલે પ્રકૃતિ અને વનની નિકુંજ શ્રાવણાને સરવડે નિખરે અને ફૂલોથી લચી પડે ત્યારે એનો મહિમા વધે અને ઋતુઓનું માન કરતાં થઈએ. શ્રી કૃષ્ણ ક્યાં નથી, હર પવનની ઝોંકમાં, વરસતા વર્ષામાં, ઘુઘવતા સાગરમાં, આકાશે, પાતાળે હર પલ્લવ પરે, નૃત્ય કરતાં, ચાંદા . સૂરજના તેજમાં, અગણિત ટીમટીમતા તારા સંગે આંખ મિચોલી ખેલતાં, બીજલીના ચમકારામાં, જડ અને ચેતનમાં સર્વેશ્વર રહેલો છે. એટલે તો આપણે વૃક્ષોને સાંચા વૈશ્નવ કહીએ છીએ

હિરણ્યકશ્યપુએ પ્રહલાદને સવાલ કર્યો કે ક્યાં છે તારો નારાયણ ? બોલ છે આ થાંભલામાં ? અને પ્રહલાદે કહ્યું હા મારો પ્રભુ અહીંયા છે. સર્વત્ર છે, અને હિરણયકશ્યપુએ થાંભલા પર પ્રહાર કર્યો, પ્રભુ નરસિંહ રૂપે પ્રગટ થયા અને હિરશ્યકશ્યપુને માર્યો. આમ પ્રભુએ આસુરી તત્વને મારવા જ ''સંભવામિ યુગે યુગે'' અને કંસ, પુતના, હોલીકા વગેરે વગેરે ઘણા આસુરી તત્વનો વિનાશ કર્યો છે, એજ રીતે આપણે પણ મનના અને દેશના આંતકનો નાશ કરવા સુસજ્જ થઈએ. જોકે આપણે એક એકલા નિશ્ચય કરીએ તો પણ કંઈ કરી શકવાનો અસમર્થ છીએ. પરંતુ આપણા દેશના નવલોહિયા જવાનો જે દેશની સીમા પર સંત્રી બની પહેરો ભરે છે અને એથી જ આપણે સર્વે નિરાંતની નિંદર લઈ શકીએ છીએ. દુશ્મન દેશના આંતક ક્યારે ત્રાટકે ? અને એ માટે આપણા દેશની સીમા પર બર્ફીલો શિખરો પર રાત દિવસ જે પહેરો ભરે છે એ નવલોહિયા જવાનો સજાગ સંત્રીઓ માટે ફંડ ભેગું કરીએ અને શહીદ દિને તેમના ફેમીલી માટે ફંડ ભેગું કરીને મોકલી આપીએ, લક્ષ્મીજી તો ચંચળ છે, એ સુમાર્ગે ખર્ચાય તો ઠીક નહી તો રૂસણાં લઈ ચાલી જાય છે. તો કૃષ્ણજયંતિ પર્વને સાર્થક કરવા આપણે કમર કસીએ. કાનુડો હસતો રમતો તમને

મળવા આવે એવું મન ફોરું કરો અને લક્ષ્મીજી સુમાર્ગે વહેતી કરી કાનુડાને બોલાવીએ.

શ્રી કૃષ્ણ ભગવાને ગાયો ચરાવી ગોવાળ બન્યા, અને અર્જુનનો રથ હંકારી સારથી બન્યા, એટલે કે કોઈ કામ નાનું યા મોટું નથી, કામ એ કામ જ છે. તેમને રણભૂમિમાં જ ગીતાજીનો ઉપદેશ, બોધપાઠ આપ્યો આખી દુનિયામાં ગહન ગીતાજીના ગ્રંથની મહાન ગણના થાય છે.‘‘તું કામ કર્યે જા, તારો હક્ક કામ કરવાનો છે, ફળની ચિંતા તારે નથી કરવાની, બધુંજ નિયતીના ક્રમ મુજબ ચાલે છે, અને તું પણ ફળ મળે કે ન મળે કર્મ કરતો રહે, હું પણ મારું કર્મ જ કરું છું અને આ ગીતાજીનું જ્ઞાન જેને પચાવ્યું તે આ જીવન તરી જાય છે. જેમ કે ગાંધી બાપુ,’’ પ્રભુજીના સ્વમુખે બોલાયેલી આ સત્ય અને નક્કર હકીકત છે.

આજની પેઢીના યુવા નબીરાઓ તેનો માયથોલોજીકલ સ્ટોરીમાં ખપાવે છે આ ઉપજાવી કાઢેલી વાર્તા છે. ૫૦૦૦ વર્ષ પૂર્વે કોણે કાંઈ જોયું છે, પરંતુ તેમને ખબર નથી કે મા કોણ? બાપ કોણ? માના પેટે જન્મ લીધો એ હકીકત છે, પરંતુ બાળકને મા અને બાપ કહે અમે તારાં માતા પિતા છીએ ત્યારે તે એ જ માને છે તેને સ્વતઃ કાંઈ ખબર નથી હોતી એજ રીતે નિયતી અને બ્રહ્માંડને એક એવી અજોડ શક્તિ ચલાવી રહી છે સવાર, સાંજ, રાત, મોસમ, પ્રલય સર્વ કાંઈ બનતું જ રહે છે. જન્મ મરણનું ચક્ર પણ પ્રભુજીને હાથ છે. જેનું મૃત્યુ થાય એમાં કોઈ જ પ્રાણ પુરી શકતું નથી. ડોકટરોને પણ મૃત્યુ નિશ્ચિત છે. ડોકટરો પ્રયત્ન કરે પણ પ્રભુજીના સર્જક માનવની તે વખતે જરુર પડે છે. આમ શ્રી કૃષ્ણ એ આપણા યોગક્ષેમ, સર્વેસ્વ છે એમાં કોઈ અપવાદ નથી. ૫૦૦૦ વર્ષોથી તે પુજાતા આવ્યા છે. વ્હાલસોઈ વ્યક્તિ પણ સમય જતાં વિસરાય છે. પરંતુ આપણો કાનુડો શ્રી કૃષ્ણ આજે ય પૂજાય છે. એમને મારા શત શત કોટિ વંદન. તેમનો પ્રેમની સાંચી મહત્તા સમજાવી છે. ગોપીઓના નિર્મળ પ્રેમને મુલવ્યો છે. શ્રી કૃષ્ણની પહેલાં આજેય રાધાનું નામ લેવાય છે. ગોપીજનનો નિખાલસ, નિર્મળ પ્રેમને એમને મુલવ્યો છે.

ગોવર્ધન પર્વતને, ગિરીરાજજીને આંગળી થી ઉંચો કરી, ઈંદ્રના કોપ સામે વર્ષાના તાંડવમાં ભક્તોને બચાવ્યા છે, જે દુઃખમાં પણ પ્રભુને કદી વિસારતો નથી એ ભક્તના પહાડ જેટલાં દુખોને પ્રભુજીન આંગળીના ટેરવે ઉપાડી લે છે અને ભક્તને તારે છે. માટે પ્રભુજીનું નામ જપ અને માનવ ધર્મ છે, અને આ ધર્મની સાંચી મુલવતા થાય છે બાકી બધું નિર્માલ્ય, હવે છેલ્લી એક વાત પ્રભુજીના પાસે ગાય, મોર છે, તેવી જ રીતે ગણપતિજી, શંકરભગવાન, દત્તાત્રેય માતાજી એ દરેક પાસે અનુક્રમે ઉંદર, પોઠીયો, કાચબો, સર્પ, વાઘ, હંસ, મોર, કુતરો, વગેરે રક્ષણ મળે એ કાજે એમને પોતાના ચરણોમાં સ્થાન આપેલું છે. માટે કોઈ પણ જીવની હત્યા કરવી નહિ. નોનવેજ ખાવું નહી જે જીવને આપણે બનાવી ન શકીએ એને મારવાનો કોઈ અધિકાર નથી. આપણે જે નવેદાન લઈએ છીએ ત્યારે તુલસીની કંઠી ગ્રહણ કરીએ છીએ. એ કંઠી ધારણ કર્યા પછી, અભક્ષ ખોરાક, બિભત્સ ગાળ તથા દારૂનું સેવન ન કરવું જોઈએ. લક્ષ્મી અને નારાયણ તમારા ઘરમાં તમારા મનમાં સદાય સ્થિત રહેશે. તમારા બાળકોને પણ આ દુષણોથી દૂર રાખજો એજ અભ્યર્થના અને છેલ્લે શહીદ દિનને યાદ કરી એક ફંડ ભેગું કરી દેશના નવલોહીયા જવાનો, સંત્રીઓના ફેમીલી માટે મોકલશો એજ વિનંતી.

✣✣✣✣✣

## પૂજપાદ કાલીંદીબેટીજીના વચનામૃત

# પુષ્ટિમાર્ગનો ઉત્કર્ષ

(૧૨) ભગવાન કૃષ્ણએ વસ્ત્ર સીવનારને સાયુજય દીધું સાયુજય જીવનને અંતે મળે. જીવતા તો પરમધન મળે, સંપત્તિ મળે, ઐશ્વર્ય, બલ, ભગવત અનુસંધાન, ઈન્દ્રિય સામર્થ્યમળે. મહાપ્રભુજીએ વસ્ત્રની સેવામાં ધર્મી પધારાવી દીધા. એક મહાવનની ક્ષત્રાણીને માથે ચરણ છાપ પધરાવી દીધા. એક ક્ષત્રિય વસ્ત્રની ગાંઠડીઓવાળો - નાગરરંજન-એનો મનોરથ હતો કે ગુસાઈજીના પૂરા પરિવારને નવા વસ્ત્ર ધરાવું. પ્રભુને અંગીકાર કરાવે એ રીતની વાત કહેવાય અને વલ્લભના પરિવારને અંગીકાર કરાવે એ ભાવની વાત છે. ગુસાઈજીએ જોઈ કહયું કે આ તો સ્વામીનીજીને લાયક છે અને ગાંસડી યમુનાજીમાં પધરાવી દીધી. નાગરરંજન વ્યથિત થયો. તેનો મનોરથ પ્રગટ બાલકને ધરાવાનો હતો, સાંજે વૈષ્ણવ સમાજ આવ્યો. તેમાં નાગરરંજન ન હતાં. શ્રી ગુંસાઈજીને કહેવામાં આવ્યુ કે આપે વસ્ત્રાની ગાંસડી યમનુમાજીમાં પધરાવી તેથી નાગરરંજનને ખૂબ તાપ થયો છે. શ્રી ગુસાઈજી નાગરરંજનને સાથે લઈ મશાલ સાથે યમુનાજીને કિનારે પહોંચયા અને તેમને ઘાટ પર ઉભા રાખી બધા સ્વરૂપને નવા વસ્ત્ર ધારણ કરેલા સાથે નાગરરંજનને દર્શન આપ્યા તથા સૂકા મેવાનો ડાબરો બધા સ્વરૂપને ધર્યો દરજીને વસ્ત્ર સિવતા વાર લાગે યમુનાજીએ તતક્ષણ સિધ્ધ કર્યા. ભગવાન ભક્તને આધીન છે ત્યાં સુધી બાલકૃષ્ણ અને સામર્થ્ય પ્રકટ કરે એટલે ભગવાન કૃષ્ણ.

પ્રભુ મથુરામાં ફરી રહ્યા હતાં. એક રંગરેજ ને જોયો. પ્રભુએ રંગરેજ પાસે માગણી કરી. રંગરેજ ના પાડી નખ વડે પ્રભુએ રંગરેજ નો વધ કરી પોતાનું માહાત્મય બતાવ્યું.

માળીએ પ્રભુને માલા ધરાવી. પ્રભુએ એને અંગીકાર કર્યો ભક્ત એ માલાકાર છે. પ્રભુ સુદામાજીના ઘરે પધાર્યા મિત્ર ને ગળે લગાડયા વલ્લભકુળના બાળક સાથે ગમે એટલી મિત્રતા હોય પણ મર્યાદા જાળવવી. ગુરુને ભેટાય નહીં. સમજની સમજનો ઉપયોગ ક્યારે કરવો એ સમજવા મહાપ્રભુજીના ચરણનો આશ્રય કરવો. પ્રભુ પાસે માગવાથી સ્વલ્પ મળે પણ દાસત્વ અમાપ છે. સત્પુરુષોની રક્ષા કરવા, મોક્ષ અને ભકિત દેવા પ્રભુ પધાર્યા છે. તેમનો સ્વભાવ કલ્પતરૂ જેવો છે. એમની પાસે પહોંચે એને ઈચ્છુફળ મળે. માળીએ પ્રભુને માલા ધરાવી સર્વસ્વનું સમર્પણ કર્યું. દાસનું બધું જ પ્રભુ સાંભળે છે. દાસ પ્રભુ પાસે અચલ ભક્તિ માગે પણ પ્રભુ એ માળીને ભક્તો માટે અચલ સ્નેહ, પ્રાણી માત્ર ઉપર ઉત્તમ દયા દીધી. વંશવર્ધન, વિપુલ થતી લક્ષ્મી, વિનય, બલ, આયુષ્ય, કીર્તી, કાંતિ દીધી.

ક્યારે પણ વલ્લભકુળનું બાળક જતું દેખાય, ભલે એમની દ્રષ્ટી ન પડે તો પણ નમન કરવું એનો અર્થ વિનય કીધો. માળીએ પ્રભુને માળા ધરાવી. મહાપ્રબુજીએ પ્રભુને પવિત્રા રૂપી માળા ધરી. યશોદાજીએ પ્રભુને વાત્સલ્યના દોરડે બાંધ્યા. મહાપ્રભુજીએ નિર્ગુણ પ્રેમથી, સેવાથી ૩૬૦ તાંતણે પ્રભુને બાંધ્યા. પવિત્ર અગિયારસે પવિત્ર ધરાવી, મહાપ્રભુજીએ એટલી કૃપા કરી કે બારે માસની સેવા અંગીકાર કરાવી. મહાપ્રભુજીએ શ્રી કૃષ્ણ : શરણં મમ મંત્ર પ્રકટ કર્યો માટે એની સીમામાં જ રહેવું વલ્લભકુળની સામે એમનાથી ઉંચુ જવુ નહીં. વલ્લભથી ઉંચુ કોઈ નથી વલ્લભકુળના અંદરના ઝઘડામાં કદી માથુ મારવું નહીં. ભગવાન સુદામાજીને ઘરે પધાર્યા. મહાપ્રભુજી દમલાજીને ત્યાં પધાર્યા દમલાજીનુ ઘર ભૂતલ પર છે. પુષ્ટિ જીવ પર કૃપા કરવા આપ ભૂતલ પર પધાર્યા

કૃષ્ણદાસ મેધને મહાપ્રભુજી પાસે સ્વલ્પ માગ્યું મારા ગુરુને ઘરેપધારો. રજોબાઈ ક્ષત્રાણી અને મહાલક્ષ્મી વહુજી સાથે સાથે ગંગાજીનું પૂજન કરવા પધાર્યા. મહાલક્ષ્મી વહુજીએ કહયું મને પુરુષોત્તમ પતિ

પ્રાપ્ત થાય રજોબાઈએ પુરુષોત્તમના ચરણની રજ દાસત્વ માંગ્યું. યમુનાજીના સંસર્ગથી ગંગાજી પુષ્ટિમાં વહયા.

ભક્તોમાં સ્નેહ એટલે રજોક્ષત્રાણી અને અચલ ભક્તિ એટલે બિરજો. બિરજોએ સમગ્ર પુષ્ટિ સૃષ્ટિને સખડી મહાપ્રસાદ લેવડાવાનો મનોરથ કર્યો. રજો અને બિરજો ભક્તોના સ્નેહનો પ્રકાર છે. રજોએ મહાપ્રભુજીને આરોગાવી સ્નેહની ચરમ અવસ્થા પ્રગટ કરી. બીરજોએ પુષ્ટિ સૃષ્ટિને સખડી મહાપ્રસાદ આરોગાવી કીર્તી, વંશ વર્ધન, કાંતિ, લક્ષ્મી, બલ અને આયુષ્ય મેળવ્યું. સખડી મુખ્ય રસ છે. બીરજો એ નથી જોતી કે ઠાકોરજી પુષ્ટાવ્યા છે. કે નહીં. એણે ફક્ત એટલું જોયું કે મહાપ્રભુજીના સેવક છે, ડોકમાં કંઠી છે, ઠાકોરજીને દંડવત કરે છે ને.

મહાપ્રભુજીએ વાસુદેવદાસ છકડાને છ ગુણ ધર્ણ વંશવર્ધન લક્ષ્મી, બલ, કીર્તી, આયુષ્ય અને કાંતિ દીધી. દરજીને ભગવાન શ્રી કૃષ્ણએ દીધા હતા. લીલામાં બલદાઉ અને શ્રી કૃષ્ણ ભગવાન ભાઈ-ભાઈ છે એ ભૂતલ પર શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુંસાઈ-પિતા પુત્ર છે.

**(૧૪)** મથુરાના રાજમાર્ગે ૧૧ વર્ષની વયે પ્રભુ પધારી રહયા છે. સામેથી કુબ્જાને આવતી જોઈ ગુણગ્રાહી પ્રભુએ કુબ્જા પાસેથી ચંદન માંગયું. આ ભગવાન કૃષ્ણની લીલા છે. સદુ પાંડેના ઘરમાં શ્રી મહાપ્રભુજી બિરાજયા છે અને નરોને ગીરીરાજજી પરથી આવતી જોઈ મહાપ્રભુજીએ દૂધ માંગ્યું. ચંદન અને દૂધ સ્વામીનીજીના ભાવથી આવે છે. ભગવાન કૃષ્ણ સ્વામી અને શ્રી મહાપ્રભુજી સ્વામીનીજી છે. મહાપ્રભુજી એમ નથી કહેતા કે હું જ પુરુષોત્તમ છું. પણ પ્રમાણ સરખા છે.

**(૧૫)** અજાણ્યાની જેમ ભગવાન કૃષ્ણ મથુરામાં લોકોને પુછે છે. ધનુયોગનું સ્થાન કયાં છે.? કંસ પાસે દેવોનું દીધેલું એક ધનુષ છે એ કયાં છે? મહાપ્રભુજીએ દમલાજીને પૂછ્યું તુને કછુ સુણ્યો?

કંસ માટે ધનુષ પ્રાણથી અધિક છે કારણ જયાં સુધી એની પાસે ધનુષ છે ત્યાં સુધી એનો વાળ પણ વાંકો નહી થાય. પ્રભુએ ધુનુષ પાસે પધારી હસતા હસતા ઉઠાવ્યું, સાધ્યું, ટંકાર થયો, વેદી પર ચડયા અને તોડી નાખ્યું. અવાજ થતાં કંસના રક્ષકો દોડી આવ્યા પ્રભુએ ધનુષના ટુકડાથી તેઓને પરાસ્ત કર્યા અને ૩૦૦ હાથ જેટલું મોટું ધનુષ્ય મત્ત ગજરાજ શેરડીને તોડે એમ તોડી નાખ્યું. ભાગવત કહે છે ઠાકોરજીને કોઈનાથી વેર નથી. એમણે સ્વૈર લીલા કરી. દૂધ ભાત, ખીર ભક્તોએ આરોગાવી પ્રભુ એ મધુરતા માણી મધુપતિ બન્યા અને ધનુષના ટુકડા કર્યા. પ્રભુ આવી પોઢી ગયા કારણ બીજે દિવસે મલ્લ યુધ્ધ કરવાનું હતુ. ધનુષ તૂટી ગયું એટલે કંસને ભય લાગ્યો. અજંપામાં અનિષ્ટ સ્વપ્ન જોયું એને મૃત્યુનો સંદેશ વગર જાણે મળ્યો. અસંતોષ અને અવિશ્વાસ એટલે જ કંસ. કંસે સ્વપ્નમાં ૭ અનિષ્ટના ચિન્હ જોયા. કંસે દર્પણમાં માથા વગરનું પ્રતિબીંબ જોયું પ્રત્યક્ષમાં નાક વગરનો જોયો, માથુ ન હતું તો નાક ક્યાંથી આવ્યું? આપણામાં સમજ નથી માટે સંતોષ નથી. અપેક્ષા એ નાક છે. અને અસંતોષ માથું છે. કંસને બીજાનો ભ્રમ થવા લાગ્યો. ભ્રમની કોઈ દવા નથી. ભ્રમ એટલે અવિશ્વાસ, દીપ વગેરેમાંથી બેની ભ્રાંતિ થઈ કાન દબાવતાં સાંભળવામાં આવતો અવાજ પ્રાણઘોષણા લાગ્યા. એટલે કે અણસમજ, વૃક્ષોમાં સોનું દેખાયું એટલે કે અસંભવતા વૃક્ષમાં ફળ હોય સોનું નહીં. જમીન પર પોતાના પગ ન દેખાયા એટલે અસમાનતા, અદષ્ટા, કંસે સ્વપ્નમાં પ્રેતનું આલિંગન જોયું. એટલે કે ધર્મ પ્રત્યેની ગ્લાની ભગવત ગીતામાં કહયું છે કે આપણા ધર્મમાં મરવું વધારે સારું. અર્જુન પોતાનું કોઈ નથી. ક્ષત્રિયમાં તો મારવાનું જ લખ્યું છે માટે અર્જુન તું માર. કંસે મૃત્યુદેવતાનો તામસ શક્તિના વાહન ગર્દભ પર બેઠેલા જોયા, હાથમાં આવેલી તકને

ચૂકી જનારો એટલે કે આત્મક નિરાવરણ એટલે કે નગ્ન જોયો આમ કંસે સાત જાગૃત અને સાત સ્વપ્નમાં અનિષ્ટચિહન જોયા.

પ્રભુ કમળ જેવા છે. એમનામાં પ્રપંચ નથી. કૃષ્ણ એટલે મુરલી વગાડે માખણ ચોરે એ પ્યારો શ્રીનાથજી બધાને જ પ્યારા લાગે. ડોકમાં કંઠી હોય એ વૈષ્ણવ. વૈષ્ણાવોના પણ હૃદય કોમળ હોય.

કરુણા એટલે દયા, પોતાનો જાણવો. શ્રી ગુસાઈજીએ બાલકને મંજુષા લાવવા કહયું. બાલક ભીતર આવી રડવા લાગ્યું શ્રી નાથજી બાવા, પધાર્યા અને રડવાનું કારણ પૂછ્યું પછી બાલકને કહયું વો પેટી હૈ વો મંજુષા હૈ . શ્રી ગુંસાઈજી પધાર્યા ત્યારે શ્રીનાથજી બાવાએ કહયું કે આજ પછી અમારા બાલક સાથે સંસ્કૃતમાં વાત કરશો નહી. કારણ બાલક અંદર આવી રોવે છે. બાલક તો ગુંસાઈજીના પણ પોતાના હતાં. અને આમ વ્રજભાષા અસ્તિત્વમાં આવી.

પ્રભુ કમલ લોચન છે અને માખણ આરોગે છે. કમળ એટલે પ્રપંચથી દુર અને માખણ એટલે મન. મનના ભોકતા પ્રભુ છે. આંગળીઓ પંજાનો જ ભાગ છે. વૈષ્ણવ બાલાસિનોરના હોય કે કાંદિવલીના, છે તો મહાપ્રભુજીના સેવક બધાને જ આતુરતા છે કે પ્રભુની મીઠી મીઠી લીલા સાંભળીએ. મન પ્રપંચથી દૂર છે તો પ્રભુ જરૂરથી આવીને બિરાજશે, મનનો અંગીકાર કરશે, પ્રપંચ રહીત મનનો પ્રભુ અંગીકાર કરે છે. સવાર સાંજ ગાયોનું દોહન કરતાં પ્રભુ આપણા ચાર આંચલ છે. પ્રેમ વ્યસન, આસક્તિ અને તન્મયતા આપણા પ્રેમનો પ્રભુ સ્વીકાર કરે છે અને દંડવત કરીએ તો હસે છે. પ્રભુ પ્રેમી ભક્તને સર્વસ્વ દેવામાં તત્પર છે. વૈષ્ણાવો કહે છે ફકત એક વાર ઠાકોરજીની ઝાંખી થઈ જાય એક વખત નહીં કહેવાનું વારે વારે દર્શન દો એમ કહેવું. એક વખત એટલે, ભ્રમણા, બીજી વાર દર્શન થાય તો વિશ્વાસ થાય. એકવાર કૃપા કરવાનું મુશ્કેલ થાય, મહાદેવજી અચ્યુત છે કામદેવને જીતી બેઠા છે. એમણે પાર્વતીજી પાસે પ્રભુનું મોહીની સ્વરૂપ કેટલું સુંદર હતું એનુંવર્ણન કયું. પાર્વતીજીએ પુછ્યું મારા કરતાં પણ સુંદર? મહાદેવજીએ હા કહી. પાર્વતીજીએ કહયું મને દેખાડો તો હું વિશ્વાસ કરુ, મહાદેવજીએ પ્રભુને કહયું કે આપ એક વાર આપના મોહીની સ્વરૂપના દર્શન આપો. જેથી પાર્વતીજીને વિશ્વાસ આવે ઠાકોરજીએ ત્રણ વાર ના પાડી. ચોથી વાર શિવજીએ કહેતાં મોહીની સ્વરૂપ ધારણ કર્યું એ સ્વરૂપ જોતા જ મહાદેવજીને કામ જાગૃત થયું મોહીની ને પકડવા શિવજી અચ્યુત થયા અને મોહીની સ્વરૂપ પાછળ ભાગ્યા. જ્યાં જયા તેમનાં વીર્યનું સ્ખલન થયું ત્યાં શિવલીંગ બન્યા, પાર્વતીજીને બતાવવા ગયા હતાં પણ શિવજી પોતે જ સ્ખલિત થયાં માટે જ પ્રભુ પાસે વારે વારે દર્શન માગવા.

વૈષ્ણવ ચાર છે. સ્વરૂપાત્મક દમલાજીમાં છે એમણે મહાપ્રભુજીને સર્વસ્વ કરીને જાણ્યાં. રજોબાઈ ક્ષત્રાણી ફલાત્મક છે જે માંગ્યું એ ફળ મળ્યું એક મહાવનની ક્ષત્રાણી ભાવાત્મક છે. ચાર સ્વરૂપ એમની ગાગરમાં પધાર્યા પદ્મનાભદાસ રસાત્મક છે. ગિરીધરજીએ છપ્પન ભોગ ધર્યો વહુજી બેટીજીએ કોઈ ભિતરીયાની મદદ વગર સામગ્રી કરી. પ્રભુને પૂછ્યુ છપ્પન ભોગ કૈસો લાગ્યો. પ્રભુએ કહયું પદ્મનાભદાસના એક છોલા બરાબર. આત્મામાં પ્રવેશ કરી જાય એવા આત્મક ચાર જ છે. પણ પ્રબળ છે મેવા એટલે ફળ રસરૂપ હોય એ પ્રભુને ગમે. ફલ એટલે આપણું મન, ભાવ, નો પ્રભુને અંગીકાર કરાવવો કોઈ કલાને ગ્રહણ કરજો અને એનો ઉપયોગ જરૂરથી પ્રભુને રિઝવવા માટે કરજો, એક દિવસ ખેલનો થાળ સિધ્ધ કરી જરૂરથી પ્રભુને ધરજો. ☆☆☆☆☆



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## (ઉપનગર વિભાગ)

**યોજે છે**



# ''દાંડિયા રાસ''

**મનિષ એન્ડ હીઝ ઓરકેસ્ટ્રાની રમઝટ આપ સુહના સથવારે**

**સ્થળ :** રંગોલી ગાર્ડન, મ્હાત્રે વાડી, હરિદાસ નગર, સોની ટાવરની પાછળ, કોરા કેન્દ્ર હોલ રોડ, બોરીવલી (વેસ્ટ).

**ઉપનગર વિભાગ દાંડિયા રાસના અતિથિ વિશેષ મુખ્ય મહેમાન**

**શ્રી રાજેન્દ્રભાઈ શાંતીલાલ પરીખ (જૂનાગઢવાલા), અંધેરી (ઈસ્ટ)**

**તારીખ : ૪-૧૧-૨૦૦૭ - સમય : સાંજે ૫.૩૦ કલાકે**

દરેક બાલાસિનોરવાસીઓને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**પ્રથમ ૫૦૦ વ્યક્તિને ફ્રી કોલ્ડ ડ્રીંકની કુપન આપવામાં આવશે.**

દાંડિયા રાસ રમવા માટે ટ્રેડીશનલ ડ્રેસ સારામા સારો પહેરી આવનારને તથા સારુ રમનારને પ્રાઈઝ આપવામાં આવશે. ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી લેડીઝ તેમજ જેન્ટસને ગેટ ઉપરથી રમનારી વ્યક્તિને બેચ આપવામાં આવશે. સાંજે ૭.૦૦ કલાક સુધી.

આ સાથે ગયા અંકમાં આપ્યુ એ પ્રમાણે **શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (ઝાટ)** પુરસ્કૃત પારિતોષકનું વિતરણ પણ છે.

ધોરણ ૧ થી ૯ ગુજરાતી તેમજ ઈંગ્લીશ મીડીયમ સાથે કમ્પેર કરી ઈનામ આપવામાં આવશે. દરેક જણને એમના બાળકોના રિઝલ્ટની ઝેરોક્ષ કોપી ૨૦.૧૦.૦૭ સુધી મોકલી આપવા વિનંતી. રિઝલ્ટની પાછળ એડ્રેસ અને ટેલીફોન નંબર લખવો જરૂરી છે. ઉપનગર વિભાગના કોઈપણ કાર્યકર્તાને પહોંચાડી દેશો તો ચાલશે તથા નીચે જણાવેલ એડ્રેસ ઉપર મોકલવી.

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસ**, આરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪

૨) **શાહ એન્જી કાું.**, ૬૪, નાગેદીવી સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ**, સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, (કોરા કેન્દ્ર બસ સ્ટોપ પાસે), બોરીવલી (વેસ્ટ). ફોન : ૨૮૦૫૦૭૩૫ /૯૮૨૦૦૧૧૫૮૬૬

**સંયોજક : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ** — **મંત્રી : શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ**

# શ્રી બાલાસનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગ આયોજીત દાંડીયા રાસ પ્રસંગે મુખ્ય મહેમાન

# શ્રી રાજેન્દ્ર શાંતીલાલ પરીખ (જુનાગઢવાળા)



શ્રી લીલાબેન તથા શાંતીલાલ છગનલાલ પરીખના પુત્ર રાજુભાઈના હુલામણા નામે ઓળખતા શ્રી રાજેન્દ્રભાઈએ સેનીટરી એન્જીન્યરર્સ અનો લાયસન્સ પ્લમ્બરનો અભ્યાસ કર્યા બાદ ઠાકોરદ્વાર ખાતે શાંતીલાલ એન્ડ કું. ના નામે પ્લમબર્સનો વ્યવસાય શરૂ કર્યો. ત્રણ ભાઈઓ તથા બે બહેનોના બહોળા પરીવારમાં જગદીશભાઈ તેઓની સાથે ધંધામાં છે. પંકજભાઈ ઈલેકટ્રીકનો વ્યવસાય કરે છે. કમલેશભાઈ કેનેડા ખાતે સ્થાયી થયા છે. બહેનો કાશ્મીરાબેન નિકુંજભાઈ ધારીઆ યુ.એસ.એ. માં તથા સુધાબેન પ્રદીપભાઈ દોશી મુંબઈખાતે સ્થાયી થયા છે. રાજુભાઈના લગ્ન ૧૯૭૩માં કાંતીભાઈ એમ. શાહ (ઝાટ)ના પુત્રી પારુલબેન સાથે થયા હતાં. તેઓનો મોટો દીકરો બ્રિજેશ લગ્ન કરીને ફેમીલી સાથે કેનેડા સ્થાયી થયો છે તથા નાનો પુત્ર સૈલ બી.કોમ. કરીને ફોરેન બેન્કીંગ ડીપાર્ટમેન્ટમાં જોબ કરે છે.

રાજેન્દ્રભાઈ હાલમાં B.M.L.P. એશોશીએશનના પ્રમુખ તરીકે સેવા આપે છે. તેઓ બાલાસિનોરની બધી જ સંસ્થાઓમાં આજીવન સભ્ય છે. મિલેનીયમ ગ્રુપમાં પણ તેઓ સક્રીય સેવા આપે છે. વાડાસિનોરની દર વર્ષે મુલાકાત લઈને ત્યાંની KMG., તળાવ, પાર્ક, કેદાર ખાતે ચાલતી પ્રવૃત્તિમાં રસ લઈને બનતી સેવા આપે છે. તેઓ ક્રિકેટ ઉપરાંત મ્યુઝીકનો શોખ ધરાવે છે અને પોતાના પ્લંબીંગના વ્યવસાયમાં પણ નવી નવી ટેકનોલોજીનો અભ્યાસ કરી તે માટેના વર્કશોપની મુલાકાતો યોજે છે. ગુજરાત નર્મદા ડેમ ખાતેના ચીફ એન્જીનીયર તથા ચેરમેન શ્રી પી. કે. લેહરી દ્વારા તેઓનો BMLP ના પ્રમુખ તરીકે સન્માનનો સમારંભ યોજવામાં આવ્યો છે. આ અગાઉ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીસ (પોલીમર) ના ટેકનીકલ ડાયરેકટર યોગેશભાઈના હસ્તે પણ તેઓનું સન્માન થયું હતું. રાજેન્દ્રભાઈ જરૂરિયાતમંદોને મદદ કરવા હંમેશા તત્પર હોય છે. જ્યોતિપુંજના તેઓ નિયમીત વાંચક છે અને સંસ્થાની દરેક પ્રવૃત્તિમાં ભાગ લઈને કાર્યકર્તાઓના ઉત્સાહને બિરદાવે છે. આવા શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ચાહક રાજુભાઈ આજના દાંડીયારાસ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સંસ્થાને મળ્યા છે એ બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.

## શ્રી બાલાસિનોર નવયુનક સંઘ

શ્રી બાલાસિનોર નવયુનક સંઘ સંચાલિત શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત ટેલિફોન ડીરેકટરી (૧૦મી આવૃત્તિ) નું વેંચાણ **રૂા. ૧૦૦/-** (અંકે રૂપિયા સો) માં હશે ત્યાં સુધી સંસ્થાની ઓફિસમાંથી આપવામાં આવશે.

*- શિરીષ જે. પરીખ (ચા ગરમ) - મંત્રી*



# ૫૬ માં વાર્ષિક રમોત્સવના મુખ્ય મહેમાન
# શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીયા

કદ નાનુ પણ કામ મોટું એવા મનોરમાબેનનો જન્મ બાલાસિનોર મુકામે ૨૯.૧૦.૧૯૨૭ માં થયો. માતા ઈચ્છાબેન તથા પિતા લાલચંદ અમૃતલાલ પારેખના પરિવારનું ત્રીજું રતન. પાંચ જ વર્ષની નાની વયે માતાનો પ્રેમ ગુમાવ્યો. પાંચ બેનો તથા ૧ ભાઈના હર્યાભર્યા પરિવારમાં ઉછેરીને મોટા થયા અને મેટ્રિક સુધી અભ્યાસ પુર્ણ કર્યો. મોટાભાઈ નગીનદાસ પારેખ તથા ચાર બહેનોની સંગતમાં નાનપણથીજ તેમનામાં સેવાની ભાવના તથા ધર્મના સંસ્કારોનું સીંચન થયું

૨૦ વર્ષની ઉમરે હસમુખલાલ ઓચ્છવલાલ ધારીઆ સાથે પ્રભુતામાં પગલા માંડયા. સાસરે સૌથી મોટા એટલે શરૂઆતથી જ ઘરની જવાબદારી સંભાળી. સાસુ, સસરા, નણંદ, દિયરોની સાથે હળી મળી ગયા અને સૌની સેવા કરી. શરૂઆતમાં સુરતમાં રહી ૧૯૪૮ માં પતિ સાથે ધંધાર્થે મુંબઈ આવી સ્થાયી થયા. નામ પ્રમાણે હસમુખા અને સેવાભાવિ પતિનો સાથ મળ્યો

ઉદ્યમી, પરોપકારી અને સેવાભાવિ દંપતિએ સાથે મળી પોતાના પરિવાર, મિત્રો, પાડોશીઓ, વેપારીઓ, તથા સમાજની નિઃસ્વાર્થ ભાવે તન,મન, અને ધનથી સેવા કરી, સર્વે કુટુંબીજનોને જીવનમાં સ્થાયી કર્યા અને સુખી કર્યા

જેમ માનવીના શરીરમાં સૌથી નાનું પણ મહત્વનું અંગ આંખની કીકી છે. એમ પારેખ પરિવાર તથા ધારીઆ પરિવારની અનિવાર્ય વ્યક્તિ એટલે ''કીકીમાસી'' સર્વે કુટુંબીજનો, અડોસ-પડોસ અને સમાજમાં આજે પણ લોકો તેમને કીકીબેન કહીને બોલાવે છે.

નિયમિત ૫.૩૦ વાગે ઉઠીને ઘરકામ તથા પ્રભુસેવાનો તેમનો નિયમ હજુ ૮૦ વર્ષની ઉમરે પણ અખંડ છે. તેમણે આજીવન પુષ્ટિમાર્ગીય ભક્તિ-સેવામાં ગાળ્યુ. ૫૦ વર્ષ પતિનો સાથ અને સેવા બાદ ૧૯૯૪ માં હસમુખભાઈની વિદાય થઈ ત્યાર બાદ એમની સેવા પ્રવૃતિ અને પ્રભુ સેવા વધુ પ્રબળ બની. રોજ અડધો દિવસ પ્રભુસેવામાં વિતાવ્યા બાદ બાકીના સમયમાં ભાઈ-બહેનની સેવા કુટુંબીજનોની સેવાનો એક પણ  અવસર તેઓ ચૂકતા નથી.

શરીરમાં જાણે કંઈજ નથી પણ મન એટલું જ મજબૂત છે ને ઈશ્વરની કૃપાથી એમનો સેવાયજ્ઞ સદા ચાલુ છે. તેમના જીવન નિચોડને જોઈને એક જ પંકતિમાં કહી શકાય

'મુર્તિ લહાન પણ કિર્તી મહાન''

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થાકીય સમાચાર

ચાલુ વર્ષ દરમ્યાન સંસ્થાની બીજી બેઠક તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૦૭ સાંજના ૭.૧૫ કલાકે સંસ્થાના કાર્યાલય (શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ. ઝાટ સભાગૃહ) ખાતે નીચે જણાવેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા હેતૂસર બોલાવાઈ હતી.

બેઠક સંઘના પ્રમુખ શ્રી ભદ્રેશ પ્ર. ધારીયાના પ્રમુખ સ્થાનેથી મળી હતી. તેઓએ બેઠકના મુદ્દા રજુ કર્યા હતા.

**મુદ્દા નં. ૧ :** ચાલુ વર્ષની પહેલી બેઠકના અહેવાલનું વાંચન સંઘના સહમંત્રી શ્રી મંજૂલ ધારીયાએ કર્યું હતું, તેને પસાર કરવામાં આવ્યું હતો.

**મુદ્દા નં.૨ :** જ્યોતીપૂંજ સુર્વણ જયંતી સમિતિનો હીસાબ મંજૂર કરવામાં આવ્યો હતો.

**મુદ્દા નં.૩ :** કોમ્પ્યુટર શિક્ષણ બાબત જણાવવાનું કે બેસીક કોર્સ કરનાર વ્યક્તિને કોર્સ પૂરો કર્યા બાદ સર્ટીફીકેટની સામે ભરેલી રકમના ૫૦ ટકા પૈસા પાછા આપવામાં આવશે.

**મુદ્દા નં.૪ :** પરા વિભાગનો હવે પછીનો કાર્યક્રમ દાંડીયા રાસ બોરિવલી ખાતે રંગોલી ગાર્ડન તા. ૪ થી નવેમ્બર ૨૦૦૭ રવિવાર સાંજના યોજાશે. જેમાં શ્રી રાજેન્દ્રભાઈ શાંતિલાલ પરીખની મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે.

**મુદ્દા નં. ૫ :** રસોત્સવ સમિતિ તરફથી આ વર્ષે ગુજરાતી નવુ નાટક તા. ૧૮ નવ્હેમ્બર ૨૦૦૭ રવિવાર શ્રી બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે બતાડવામાં આવશે. શ્રીમતી મનોરમાબેન હસમુખભાઈ ધારીયાની મુખ્ય મહેમાન તરીકે વરણી કરાઈ હતી.

**મુદ્દા નં.૬ :** ટેલીફોન ડીરેકટરીનું વેંચાણ ૧૦૦/- પ્રતી કોપીને ધોરણે હશે ત્યાં સુધી કરવામાં આવશે.

**મુદ્દા નં. ૭ :** લાઈફ મેમ્બરશીપ માટે ૧૪ નવી અરજીઓ આવી હતી.

***લી. શીરીષ પરીખ (મંત્રી), મંજૂલ ધારીયા (સહમંત્રી)***

---

## વિસામો

શું આ ઘર, મારૂં જ ઘર છે,
એક અતિથિ તરીકે ભાસુ છું !
દિવસ તો ક્યાં વિતિ જાય છે,
પણ રાત, દુશ્મનની ગરજ સારે છે.
ક્યાં સુધી રાતના ઉજાગરા થાય,
અ કારણે, જીવ મુંઝાય છે !
ગોળીઓની અસર, પણ ક્યાં સુધી?
વખત જતાં ડોઝ ઓછો પડે છે.
સૌ સૌના પેકરૂમમાં,
ઉંઘ માટે ફાંફા મારવા!
આ જેલ નથી તો શું છે ?
કુદરત રૂઠે, વગર ગુન્હાની સજા !
વધતી જતી ઉંમરનો તકાદો,
નિરવ રાત સાથ પુરે છે !
હું ને ચાર દિવાલો,
પલંગનો સથવારો,
શેષ જીવન કાપવું કેમે !
દુઃખ દુઃખને જ મારે !
એજ દવા, એજ મરહમ,
મન ઝંખત 'વિસામો'
પણ વિસામો ક્યારે ?

***- 'ચાંદશા' ચંદ્રકાંત શાહ (ચટઈ)***

# '' BYe Bye 2 Bye pass''

આનંદ વન આશ્રમ કાંદિવલીમાં લીધેલી તાલીમ ના આધારે સર્વરોગહારક તથા બાયબાય ટુ બાયપાસ માટે અકસીર ઉપાય યોગ અને પ્રાણાયામ.

આપણા વયસ્ક નાગરિકો, વડીલો અને યુવાપેઢી માટે હું નીચે મુજબના પ્રાણાયામનું સૂચન કરુ છું. તમે એલોપોથીની જે કંઈ દવાઓ લેતા હો તે ચાલુ રાખવી અને જરૂર પડે તો તમારા ફેમિલિ ડોકટરની સલાહ લઈ નીચે મુજબનો પ્રયોગ નિયમિત કરતા રહેવું.

સૌથી પ્રથમ પેટ સાફ થઈ જાય પછી નાહીને શુદ્ધ થઈ નેજ ભૂખ્યા પેટે આ પ્રયોગ કરવો. પદ્માસનમાં સીધા અને ટટ્ટાર બેસવું પદ્માસન ના થાય તો સાદી પલાંઠીવાળી ને બેસવું.

**(૧) દીર્ઘ પ્રાણાયામ** : પૂરક : ઘર્ષણ યુકત કંઠ ધ્વનિ સાથે નાક દ્વારા ધીમે ધીમે ઊંડો શ્વાસ અંદર લેવો.

**કુંભક** : આ શ્વાસ યથા શક્તિ રોકી રાખવો.

**રેચક** :- ઘર્ષણ યુકત ધ્વનિસાથે ધીમે ધીમે પ્રાશ્વાસ બહાર કાઢવો આ રીતે ૨૧ વખત પ્રાણાયામ કરવો.

**(૨) : બાહ્યકુંભક સહિત દીર્ઘશ્વાસ** (૧) મુજબ પૂરક કરવો અને અંદર લેવો. **રેચક** : પ્રશ્વાસને સંપૂર્ણ બહાર કાઢી પેટને અંદર લેવું **કુંભક** : સંપૂર્ણ શ્વાસ બહારનીકળી ગયા પછી શ્વાસને રોકી રાખવો યથા શક્તિ રોકી તરત જ પૂરક કરવો આ પ્રમાણેની ક્રિયા ૧૧ વખત કરવી.

**(૩) :- રામપ્રાણાયામ : પૂરક** : દીર્ઘશ્વાસ અંદર (૧) મુજબ લેવો. **રેચક** : રામના ઉચ્ચાર સાથે શ્વાસ બહાર કાઢવો. **પૂરક** : પૂર્ણ શ્વાસ નીકળી ગયા પછી દીર્ઘ શ્વાસ લેવો. **કુંભક** : શ્વાસને યથા શક્તિ રોકી રાખવો **રેચક** : તથા શક્તિ રોકી ડાબા નાસાપૂરથી રેચક કરવો. આ ક્રિયા પાંચ વખત કરવી.

**(૪) ઓમપ્રાણાયામ : પૂરક** : દીર્ઘ શ્વાસ (૧) મુંજબ અંદર લેવો. **રેચક** : ઓમના ઉચ્ચાર સાથે બહાર કાઢવો. **પૂરક** : પૂર્ણ શ્વાસ નીકળી ગયા પછી દીર્ઘ શ્વાસ લેવો. **કુંભક**: અંદર લીધેલો શ્વાસ યથા શક્તિ રોકી રાખવો. **રેચક**: યથા શક્તિ રોકયા પછી ડાબા નાસાપૂરથી રેચક કરવો આ ક્રિયા પાંચવખત કરવી.

**(૫) પ્રણવ પ્રાણાયામ** : પૂરકદીર્ઘ શ્વાસ અંદર લેવો રેચક . મુખ બંધ કરી નાસાપૂરે દ્વારા ૐ ના માનસિક ઉચ્ચારથી રેચક કરવો.

**પૂરક**: પૂર્ણ શ્વાસ નીકળી ગયા પછી દીર્ઘ શ્વાસ અંદર લેવો

**કુંભક**: યથા શક્તિ રોકી રાખવો **રેચક** : યથા શક્તિ રોકયા પછી ડાબા નાસાપૂરથી રેચક કરવો. આ ક્રિયા પાંચ વખત કરવી.

**(૬) ભસ્તિકા પ્રાણાયામ** : લુહારની ધમણની પેઠે શીઘ્રતાપૂર્વક લયબધ્ધ વારંવાર રેચક પૂરક કરવા આ રેચક પૂરક ની ક્રિયા ૨૦ વખત કરવી.

અંતમાં પૂરક કરી યથા શક્તિ કુંભક કરી ડાબા નાસાપૂરથી શ્વાસ બહાર કાઢવો.

**(૭) અનુલોમ** : વિલોમ પ્રાણાયામ અર્થાત ઉતરવુ અને ચઢવું. મસ્તક, ગળુ ટટ્ટાર રાખી (૧) ડાબીબાજુના નાસાપૂરથી શ્વાસપૂરક કરવો અને યથા શક્તિ રોકી રાખવો (કુંભક) ત્યાર પછી ધીમે ધીમે જમણા નસકોરાથી રેચક કરવો. હવે જમણા નસકોરાથી પૂરક કરી યથા શક્તિ કુંભક કરી ડાબા નસકોરાથી રેચક કરવો. ત્યાંથીજ પાછો પૂરક, કુંભક કરી રેચક જમણા નસકોરાથી કરવો. હવે જમણા નસકોરાથી પૂરક કુંભક અને ડાબા નસકોરાથી રેચક કરવો આમ અગીયાર વખત કરવું.

**મિતાહારી રહેવું :** ૨ ભાગઅન્ન ૧ ભાગ પાણી અને ૧ ભાગ વાયુ. ઘઉ, ચોખા, મધ, પરવળ, દુધી, રતાળુ, આદુ, શક્કરિયા, તાંદળજો, તૂરિયાં, કેળા, દૂધ, દ્રાક્ષ, બટાટા, ખજુર, સૂઠ, સાકર, નાળિયેર, ઈલાયચી, લવિંગ, વરિયાળી જરૂરથી લેવા. મધુપ્રમેહ વાળાએ કેળા, દ્રાક્ષ, ચીકું અને સાકર ન લેવા. પરંતુ આમળાં અને હળદર નો પાવડર સમાન ભાગે મિકસ કરી સવાર બપોર અને સાંજ એક એક ચમચી ફાકવી અને ઉપર પાણી પીવું આ ઉપરાંત દરરોજ સવાર સાંજ ચારઆની ભાર મેથી પાણી સાથે ફાકવી અથવા રક્ત ચંદન પાણીસાથે સવાર સાંજ નાની ચમચી લેવી. પ્રભુ સર્વેને સારુ સ્વાસ્થ અને દીર્ધાયુષ્ય આપે એજ પ્રાર્થના.

*- હીરાલાલ મણીલાલ પરીખ*

## ઓળખ શું રહેશે ?

વિશ્રામ કાજ જગમાં ઘરને બનાવે,
માયારૂપી મમતની મમતા સ્વરૂપે,
જ્યાં પ્રિતની મધુર વેલડી પાંગરે છે,
જેનાં મધુર ફુલ સદાય સુગંધ વેરે.
પક્ષી સમાન સહુ પૂત્ર કે પૂત્રી કેરા,
મીઠા ધ્વનિ કલરવો ઘરને ગજાવે,
શ્રમને હરે, મીઠી નિંદર, શાંતિ દે છે,
જ્યાંથી સદાય નવચેતન સ્ફુરણા દે.
મોટાં થતાં સહુય બાળક તો હતાં જે,
ઊડી જતાં જગતમાં ચણ શોધવાને,
શોધી લઈ જીવનસાથી વસાવતાં જે,
માળો નવો જીવન થાક ઊતારવાને.
પાંખો વિના જગતમાં ધુમતાં સહુ જે,
જુનું ભૂલાય ઘર ગામને દેશ સર્વે,
માયા રહેન ઘર ગામ કે દેશ કેરી
ભુલી જતાં સહુ રહે બસ ચિત્ર ઝાંખી.
એકાદ બે કે ત્રણ પેઢી સુધી ટકે છે
એના પછીથી ખરી ઓળખ શુ રહેશે ?

*- કાન્તિલાલ વી. શાહ*

# બાલાસિનોર વિદ્યામંડળ

# અનુકરણીય દાન

સહર્ષ જણાવવાનું કે આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ) નું માતબર દાન મુરબ્બી શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ (પડાલવાળા) તરફથી નોટબુક યોજના માટે ''શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ ન્યાસફંડ પેટે મળ્યું છે.

આ ન્યાસફંડની રકમના વ્યાજમાંથી કોલેજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રાહતના દરે શ્રેષ્ઠ ગુણવત્તાની (સુંદરમ બુક મેનુ.) નોટબુકો આપવામાં આવશે.

કોલેજના આશરે ૧૭૩૪ વિદ્યાર્થીઓમાંથી લગભગ ૧૫૦૦/- વિદ્યાર્થીઓને રૂા. એક લાખ દસ હજાર (રૂા. ૧,૧૦,૦૦૦) મ્ની નોટબુકો રાહતદરે આપવામાં આવે છે. સંસ્થાને આ માટે ભૂતકાળમાં બે ડોનેશન (રૂા. એક લાખના) મળ્યા હતા. આ નિમિતે ખૂટતી રકમની જોગવાઈ સંસ્થા પોતાની આવકમાંથી કરે છે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે. અને તેમના પરિવારના સૌ સભ્યોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

સંસ્કૃતમાં શ્લોક છે.

''ઈશ્વર શક્તિ આપે છે-બીજાનું રક્ષણ કરવા
ધન આપે છે - બીજાને મદદ/દાન કરવા
અને જ્ઞાન આપે છે - બીજાને વહેંચવા

જે ઈશ્વરની ઈચ્છાનું પાલન કરે છે તેની શક્તિ, ધન, અને જ્ઞાન વધતાંજ જાય છે.

*લી. બાલાસિનોર વિદ્યામંડળની કારોબારી સમિતિ વતી*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

સમાજે દાતાઓને મે મહીનામાં બે નવી. યોજના માટે અપીલ કરી હતી (૧) ધંધાકીય લોન. માટે વ્યાજ રાહત માટે (૨) નવા રહેઠાણ માટે લોન પર વ્યાજ રાહત માટે

બન્ને યોજના માટે ૧૧,૦૦,૦૦૦ (રૂા. અગીયાર લાખ ) નું દાન આપનાર વ્યક્તી ચાહે ને તેના નામે યોજના શરુ કરવામાં આવશે અને અમારી અપીલ માટે ધંધાકીય લોન માટે વ્યાજ રાહતની યોજના માટે સમાજના અગ્રણી વ્યાપારી શ્રી જીતુભાઈ અને શ્રી મુકેશભાઈ આગળ આવ્યા અને તેમના માતુશ્રી ના નામે આ યોજના માટે ૧૧,૦૦,૦૦૦ નું દાન આપવાનું વચન આપ્યુ છે.

આ યોજના શ્રીમતી શાંતાબેન મોહનલાલ શાહ (ચકવા) ના નામે રહેશે. આ દાનની રકમ ના રોકાણ થી થનાર વ્યાજની આવક ને નવું રહેઠાણ લેનાર જે આપણી સંસ્થામાંથી લોન ની અરજી કરશે તેને તેની આવક ધ્યાન માં રાખી વ્યાજની રાહત આપવામાં આવશે તેથી નવું રહેઠાણ લેનાર વ્યક્તીને વ્યાજમાં ખૂબ રાહત મળશે.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ આ દાન બદલ શ્રીમતી શાંતાબેન તથા તેમના પુત્રો શ્રી જીતુભાઈ તથા મુકેશભાઈ (કોચીનવાળા) નો ખુબ આભાર માને છે.

આ રાહતની રુપરેખા આવતા અંકમાં આપવામાં આવશે. સમાજ આવા દાતાઓનો હમેશા ઋણી રહેશે.

*સંયોજક - ભંડોળ સમીતી - વ્રજેશ દેસાઈ,*
*મંત્રી. - નીતીન ગાંધી- ભદ્રેશ ધારીયા*

**પ્રગતિ સમાજ દાન માટે મળેલા વચનોની યાદી**

| | |
|---|---|
| **મહેન્દ્રભાઈ કાન્તીલાલ શાહ (ઝાટ)** | **૨૫૦૦૦/-** |
| **દેસાઈ વીજય ચંદ્રકાત** | **૧૧૦૦૦/-** |

સમાજે એક નવી રાહત યોજના શરુ કરી છે. વિદેશ ભણવા જતા વિદ્યાર્થીને મેડીકલ ઈન્સોયરસન્સ લેવાનું જરૂરી હોય છે. સમાજે આ યોજના ''Overseas Student Mediclaim Insurance Yojna'' ના નામે રજુ કરી હતી. અને તેના માટે શ્રીમતી કલ્પનાબેન અરવીંદભાઈ મોહનલાલ (ધારીયા) (કુણીવાળા) ના પુત્ર બીનોય તરફથી રૂા, ૨,૫૧,૦૦૦ નું ઉમદા દાન મળ્યું છે.

આ યોજના શ્રીમતી કલ્પનાબેન અરવીંદભાઈ ધારીયા Overseas Student Mediclaim Insurance Yojna ના નામે રહેશે અને દાનની રકમ માંથી થનાર વ્યાજની રકમ આ યોજના ના માં વાપરવામાં આવશે.

વિદેશ ભણવા જતા વિદ્યાર્થીએ અરજી કરવાની રહેશે તેની સાથે I-20 ની નકલ વીઝાની xerox અને Ticket ની Xerox આપવાની રહેશે.

આ યોજના તુરંત થી અમલ માં મુકવામાં આવશે અરજી પ્રગતિ સમાજની ઓફીસમાં કરવાની રહેશે,

*મંત્રી - નીતીન ગાંધી-ભદ્રેશ ધારીયા.*

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**બાલાસિનોર માં મોકાનું મકાન વેચવાનું છે.**

સમાજ નું હોળી ચકલાની સામે
મદાની શેરીમાં આવેલું
સીટી સર્વે નં. ૩૧૬ (નગર પાન. ૬ - ૧૧૭) વાળું
સર્વે સુવિધાવાળુ મકાન વેચવાનું છે.

***સંપર્ક***

***બાલાસિનોર ખાતે :***

**શ્રી મણીકાન્તભાઈ કડકીયા**

***મુંબઈ ખાતે :***

**મંત્રી- નીતીન ગાંધી- ભદ્રેશ ધારીયા.**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## યોગી નગર આરોગ્ય ધામ બાબત

સમાજ બોરીવલી યોગીનગર ખાતે ૮ ફલેટ ધરાવે છે. અને જરૂરીયાતવાળા પરીવારને ૩ માસથી ૯ માસ માટે રાહત દરે ભાડે આપે છે. અને ૧૮ માસ માટે, રૂા. ૪૦૦૦, ના માસીક ભાડે થી. એવી વ્યક્તિને આપે છે કે જેમનું મકાન નવું બની રહયું હોય. તદઉપરાંત વિદ્યાર્થી ઓ માટે તેમજ Senior Citizen માટે પણ રાહત દરે ફલેટ વાપરવા આપે છે.

સોસાયટીના Maintainance વધવા સાથે સમાજ પણ ભાડામાં થોડો વધારો કરે છે. હવેથી નવી અરજી કરી આ ફલેટ ભાડે લેનારને મહીના ના રૂ. ૧૨૦૦, ભાડું આપવું પડશે. હાલ રહેતી વ્યક્તીઓએ વધારો આપવો નહી પડે તેમજ તે વ્યક્તિ બીજા ત્રણ માસ માટે પણ રહેવાની ઈચ્છા ધરાવતી હશે અને ફલેટ ઉપલબ્ધ હશે તો તેમને પણ વધારો આપવો નહી પડે. ફક્ત નવી અરજી કરીને આવનાર ને હવેથી રૂા. ૯૦૦ ને બદલે રૂા. ૧૨૦૦ મહીને ભાડા રૂપે આપવાના રહેશે.

બીજી યોજનામાં કોઈ પણ વધારો કરવામાં આવોય નથી.

***સંયોજક - રાજેન્દ્ર દેસાઈ - મંત્રી-નીતીન ગાંધી - ભદ્રેશ ધારીયા***

# દિવાળીમાં
# બાલાસિનોર ખાતે જમણવાર

**વધુને વધુ બાલાસિનોર વાસીઓ પોતાના વતનમાં દિવાળી ઉજવવા આવે એ હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ પાંચમ થી પૂનમ સુધી તા. ૫ મી થી ૧૫ મી નવેમ્બર સુધી વાડીમાં જમણવારનું આયોજન કરવામાં આવશે. વધુ સંખ્યામાં આનો લાભ લેવા સૌ મુંબઈવાસીઓને ખાસ આમંત્રણ છે.**

*- રમેશભાઈ દેસાઈ તથા અન્ય વડીલો*

# ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી બાલાસિનોર

આપણા માનનીય ડો. નગીનભાઈ શાહ ના નેતૃત્વમાં ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી બાલાસિનોર દ્વારા નીચે મુજબના "BLOOD COLLECTION CAMP " યોજાયેલ તે બદલ તેઓશ્રીને અભિનંદન.

**કેમ્પ ૧ તથા ૨**

કે.એમ.જી હોસ્પિટલ ખાતે યોજવામાં આવેલ આમાં કુલ ૧૨૦ બોટલ કલેકશન કરવામાં આવ્યુ હતુ. દાતાઓને કોફી, બીસ્કીટ તથા ભેટ હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ.

કેમ્પ - ૩ રેડ ક્રોસ સોસાયટી બાલાસિનોર દ્વારા યોજવામાં આવેલ. આનાં ૨૯ બોટલ કલેકશન કરવામાં આવ્યું હતુ. કોફી તથા બીસ્કીટ હોસ્પિટલ તરફથી તથા ગીફટ રેડક્રોસ સોસાયટી તરફથી આપવામાં આવી હતી.

કેમ્પ - ૪ તા. ૨૫-૮-૦૭ ના રોજ આપણી કોલેજ ખાતે યોજાવામાં આવ્યો હતો તેમાંના ૯૪ બોટલ બ્લડ કલેકશન થયુ હતુ આમાં કોફી તથા ગીફટ (એલાર્મ કલોક) વિદ્યા મંડળ તરફથી તથા બીસ્કીટ રેડ ક્રોસ સોસાયટી, બાલાસિનોર તરફથી આપવામાં આવ્યા હતા.

આપણી ઓસ્પિટલને જ્યારે પણ ઈમરજન્સી માં Blood ની જરૂર પડે છે. ત્યાં ડો. નગીનભાઈ ને ફોન કરતાજ તેઓ આ માટે વ્યવસ્થા કરી આપે છે.

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

સમાજની આર્થીક સહાય યોજનામાં બે નવી યોજનાઓ મળી છે. સમાજ તેમનો આભાર માને છે.

૧) **નીતીન પ્રવીણચંદ્ર કચેરીયા** પુત્રના લગ્ન પ્રસંગે રૂા. ૧,૦૦,૦૦૦

૨) **શૈલેષ રમણલાલ ડોશી** પુત્રના લગ્ન પ્રસંગે રૂ. ૧,૦૦,૦૦૦

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

**(૧) ડો. મોહનલાલ નાથજીભાઈ ધારીયા પેથોલોજી વિભાગ :** આ વિભાગમાં માહે -એપ્રિલ -૦૭ થી ઓગસ્ટ - ૦૭ દરમ્યાન ૪૫૯૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૨) શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ :** આ વિભાગમાં માહે - એપ્રિલ - ૦૭ થી ઓગસ્ટ-૦૭ દરમ્યાન કુલ ૪૧૦૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૩) શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ ઉત્સવ હેમોગ્લોબીન વિભાગ :-** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૭ થી ઓગસ્ટ-૦૭ દરમ્યાન કુલ ૭૬૮૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૪) બાલાસિનોર નાગરીક સહકારી બેંક લી. ઓર્થોપેડીક વિભાગ :-** આ વિભાગમાં માહે-એપ્રિલ-૦૭ થી ઓગસ્ટ-૦૭ દરમ્યાન કુલ ૨૫૪૦ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૫) શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીયા (મરઘા) સોનોગ્રાફી વિભાગ :-** આ વિભાગમાં માહે - એપ્રિલ-૦૭ થી ઓગસ્ટ-૦૭ દરમ્યાન કુલ ૯૫૫ દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૬) શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ એકસ -રે વિભાગ :-** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૭ થી ઓગસ્ટ-૦૭ દરમ્યાન કુલ -૨૭૫૬ એક્ષરે તેમજ દાંતના ૫૯ એક્ષરે પાડવામાં આવેલ છે.

# બાલાસિનોર વિદ્યામંડળ :

બાલાસિનોર વિદ્યામંડળની ૪૦ મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૨૪-૮-૨૦૦૭ ના રોજ સાંજના ૪.૩૦ કલાકે, બાલાસિનોર વિદ્યામંડળની ઓફિસ બાલાસિનોર ખાતે શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) ના પ્રમુખ સ્થાને મળી હતી.

મુંબઈથી કારોબારી સમિતિના નવ સભ્યો સામાન્ય સભા તથા કોલેજની વાર્ષિક મુલાકાત માટે ગયા હતા. ચુંટણી પંચના અધિકારીઓ શ્રી સતીશ ભીખાલાલ પરીખ (વકીલ) તથા ડૉ. શીવુભાઈ નારણદાસ પટેલ નો ચુંટણીના પરિણામનો અહેવાલ ડૉ. શીવુભાઈ પટેલે વાંચી સંભળાવ્યો અને નીચેના ઉમેદવારોની કારોબારી સમિતિ (તા.૧-૪-૨૦૦૭ થી તા. ૩૧-૩-૨૦૧૨- પાંચ વર્ષે માટે ) ના સભ્યો તરીકે નિમણુંક જાહેર થઈ

૧) શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) - પ્રમુખ
૨) શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખ - ઉપપ્રમુખ
૩) શ્રી મણીકાન્તભાઈ છોટાલાલ કડકીયા -ઉપપ્રમુખ
૪) પ્રા. શ્રી ચંદ્રકાન્તભાઈ ચીમનલાલ દેસાઈ -મા.મંત્રી
૫) શ્રી રજનીકાન્ત ઓચ્છવલાલ શાહ-મા. મંત્રી
૬) શ્રી ઉશનસ નવીનચંદ્ર કચેરીયા- મા. મંત્રી
૭) ડૉ. નગીનદાસ અચરતલાલ શાહ- મા. મત્રી
૮) શ્રી અજયકુમાર અંબાલાલ શાહ-ખજાનચી
૯) શ્રી કાન્તિલાલ વીરચંદ શાહ
૧૦) શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ(ચા વાળા)
૧૧) શ્રી વસંતકુમાર કાન્તિલાલ મોદી (વિમાવાળા)
૧૨) શ્રી જગદીશચંદ્ર મણીલાલ શાહ (એડવોકેટ)
૧૩) શ્રી ધીરુભાઈ રમણલાલ શેઠ (અત્તરવાળા)
૧૪) શ્રી ઉર્વિશભાઈ રસિકલાલ મોદી (દેવ)
૧૫) શ્રી કિરીટભાઈ રમણલાલ કડકીયા (મલમ)
૧૬) શ્રી શિરીષભાઈ ઈન્દ્રવદન ત્રિવેદી
૧૭) શ્રી કાર્તિકભાઈ રસીકલાલ કડકીયા
૧૮) શ્રી પ્રકાશભાઈ ઓચ્છલલાલ કચેરીયા (વરખા)
૧૯) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ
૨૦) શ્રી કૌશિકભાઈ કાન્તિલાલ કડકીયા
૨૧) શ્રીમતી દીપીકાબેન પંકજકુમાર ધારીયા (લાલખા)
૨૨) શ્રીમતી તન્વીબેન ગૌરાંગ પરીખ (વોરા)
૨૩) પ્રા.શ્રી શૌલેન્દ્રભાઈ શાંતિલાલ ભટ્ટ-આચાર્ય

**માનદ સભ્યો**

૧) શ્રી ચંપકલાલ સોમાલાલ દેસાઈ
૨) શ્રી બિપીનકુમાર કીર્તનલાલ દોશી
૩) શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પારેખ ( I.R.S.)
૪) શ્રી પ્રવીણભાઈ મુળજીભાઈ ધારીયા ( C.A )
૫) શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીયા ( C.A.)

**કો. ઓપ્ટેડ સભ્યો**

૧) શ્રી પ્રદીપભાઈ અરવિંદભાઈ ત્રિવેદી ( એડવોકેટ)
૨) શ્રીમતી સોહિનીબેન યોગેશકુમાર કડકીયા

કારોબારીમાં ત્રણ મહિલા સભ્યોની નિમણુંક થઈ તેને હાજર રહેલ સભ્યોએ આવકારી સાંમાન્ય સભાના કામકાજને યોગ્ય ઠરાવ પસાર કરી પાર પાડવામાં આવ્યા. મુંબઈથી ગયેલ કારોબારી સભ્યો તથા સ્થાનિક હોદ્દેદારોએ કોલેજની બે દિવસ મુલાકાત લીધી. શનિવાર તા. ૨૫-૮-૦૭ ના રોજ સવારે ૧૦ વાગ્યે કોલેજમાં રક્તદાન શિબિરનું આયોજન થયું અને લગભગ ૯૪ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું. (રેડક્રોસ સોસાયટી, નડિયાદના સહયોગથી) આજની જરૂરીયાતને ધ્યાનમાં લઈ કોલેજના વિદ્યાર્થીઓ માટે અધતન કોમ્પ્યુટર લેબની સ્થાપના તુરંત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો જેથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં

આજીવિકા અર્થે પગભર થવામાં યોગ્ય તકો મળે આ માટે રૂા. પાંચ લાખ તત્કાળ ફાળવવાનું નક્કી થયું.

આપણા પછાત વિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓ શહેરના વિકાસ સાથે કદમ મિલાવી શકે તે માટે જરૂરી યોગ્ય સુવિધાઓ તેઓને ઘરઆંગણે ઉપલબ્ધ કરી આપવાનો આ સંસ્થાનું પ્રમુખ લક્ષ્ય છે.

મંડળના સૌ સભ્યો, દાતા પરિવારો શુભેચ્છકો, શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફના સભ્યો, વિદ્યાર્થીગણ નો મંડળના કારોબારી સમિતિનો સભ્યો વતી આભાર.

*લી. બાલાસિનોર વિદ્યા મંડળ કારોબારી સમિતિ*

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## સમાજના સભ્ય જોગ

ઉપરોક્ત સમાજના નેજા હેઠળ શ્રીનાથદ્વારાની ધાર્મિક યાત્રા તારીખ ૧૮-૧-૨૦૦૮ થી ૨૩-૧-૨૦૦૮ ( ૬ દિવસની) નું આયોજન કરવામાં આવેલ છે. વ્યક્તિ દીઠ રૂપિયા ૩૦૦૦ આપવાના રહેશે.

જે કોઈ વૈષ્ણવોને આપવાની ઈચ્છા હોય તેઓએ શ્રી નવનીતભાઈ ચંદુલાલ પરીખ (સરકાર) ૨૩૬૧૩૭૯૫ / ૯૩૨૪૩૦૪૩૦૩

શ્રી બીપીનભાઈ કીરતનલાલ દોશી ૨૩૪૩૮૫૩૫ / ૯૮૨૧૩૧૬૨૩૩

નો સંપર્ક સાધવો ૧૫૦ વ્યક્તિઓને લઈ જવાના છે. વહેલા તે પહેલા. વધુ વિગત જ્યોતિપુંજના નવેમ્બર મહિનાના અંકમાં આપવામાં આવશે.

***બાલાસિનોર ગોકુલેશ સમાજવતી***
***બીપીન કે દોશી - મંત્રી***

## પી.વી. વિદ્યાલય બાલાસિનોર અગ્રેસર

બાલાસિનોર તાલુકાનો એથ્લેટીકસ રમતોત્સવ કે. એન. હાઈસ્કુલ ખાતે તા. ૨૧/ ૯/૨૦૦૭ ના રોજ યોજાયો. જેમાં પી.વી. વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

જેમાં બાળ વિભાગમાં ઉર્મિલા જે. ઠાકોર ૧૦૦ મીટર દોડમાં પ્રથમ તથા ઊંચીકૂદમાં તૃતીય, ભાવના એમ. ઠાકોર ૨૦૦ મીટર દોડમાં દ્વિતિય, સોનલ એમ. પરમાર ૪૦૦ મીટર દોડમાં તૃતીય, શબીના એ.લુહાર ગોળાફેંકમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે,

જેમાં જુનિયર વિભાગમાં શીતલ કે. ઠાકોર ૧૦૦ મીટર દોડ, લાંબીકૂદ તેમજ ઉંચીકૂદમાં પ્રથમ, દિનલ જે. રામી ૩૦૦૦ મીટર દોડમાં પ્રથમ, ૪૦૦ મીટર દોડમાં દ્વિતિય, ૨૦૦ મીટર દોડમાં તૃતીય, દિવ્યા એસ. વાળંદ ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ, નિશા એમ. ચંદનાની ગોળાફેંકમાં પ્રથમ, ચક્રફેંક અને બરછી ફેંકમાં દ્વિતિય, ઠાકોર શીતલ, રામી દિનલ, વાળંદ સૃષ્ટિ, વાળંદ દિવ્યાએ ૪ x ૧૦૦ મીટર રીલેદોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

જેમાં સિનિયર વિભાગમાં હેતલ એન.પોકાર ગોળાફેંક, ચક્રફેંક અને બરછી ફેંકમાં પ્રથમ, પ્રિતિ આર.ધોબી ૧૦૦ મીટર દોડમાં પ્રથમ, ૨૦૦ મીટર દોડમાં દ્વિતિય, જીજ્ઞાસા કે. રાઠોડ ૮૦૦ મીટર દોડમાં તૃતીય, કુંદન બી. ચૌહાણ ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ અને વર્ષા જી. તડવી ૩૦૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ઉપરોક્ત તમામ વિદ્યાર્થીનીઓને તેમના ઉત્કૃષ્ટ દેખાવ બદલ શાળાના આચાર્યાશ્રી નિરૂબેન તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વ્યાયામ શિક્ષક શ્રી ભરતભાઈ એન. પટેલે ખૂબ જ રસ લઈને ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડેલ છે.

***આચાર્યાશ્રી - પી.વી.વિદ્યાલય, બાલાસિનોર***

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ અને શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

## દાતાઓનો યાદગાર સન્માન સમારંભ

ઉપરોક્ત સંસ્થાઓએ તેમનાં ઉમદાદીલ દાતાઓનો સન્માન સમારંભ રવિવાર, તા. ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૭નાં રોજ કે.સી. કોલેજ સભાગૃહ, ચર્ચગેટ, ખાતે યોજેલો હતો.

બન્ને સંસ્થાઓના પ્રમુખ શ્રી વસંત શાંતિલાલ પરીખ (કુવાવાળા) એ આજના સમારંભનું પ્રમુખપદ સોભાવ્યું હતુ.

કાર્યક્રમની સુભ શરુઆત શ્રીમતી સુરેખાબેન કડકિયા, શ્રીમતી અસ્મીતાબેન ડોશી અને શ્રીમતી સોહીણીબેન મંગલાચરણ ગાઈને અને સંસ્થાનાં સાતે હોદેદારોએ દીપ પ્રગટાવીને કરી હતી.

દરેક દાતાઓનો પરિચય શ્રી નીખીલ પરીખ, શ્રીમતી નીશા દેસાઈ અને શ્રીમતી બીજલ ગાંધીએ ખૂબજ સુંદર અને સંક્ષિપ્તમાં આપ્યો હતો.

બન્ને સંસ્થાઓનાં કુલ્લે ૪૬ દાતાઓમાંથી હાજર રહેલા ૩૪ દાતાઓને સંસ્થાના માનદ ઉપપ્રમુખ મંત્રીઓ અને ખજાનચીઓએ સાલ ઓઢાડી બહુમાન કરેલાં તથા સંસ્તાનાં પ્રમુખે સુંદર મેમેન્ટો અર્પણ કર્યા હતા. બંન્ને સંસ્થાઓનાં માનદમંત્રી શ્રી પંકજ ધારિયા (લાલખાં) એ દાતાઓ તથા હાજર રહેલાં મેમ્બરોનું સ્વાગત કર્યું હતું. શ્રી પંકજ ધારિયાએ મંડળ તથા ટ્રસ્ટની પ્રવૃતિનો અને ગયે વર્ષે, આપણાં મેડીકલ સેન્ટરે બે કેમ્પો કર્યા હતાં તેની વિગતો આપી હતી. ઉપરાંત આપણુ મેડીકલ સેન્ટર મેટ્રોપોલીઝ લેબ સાથે પેથોલોજીનાં ટેસ્ટ ખૂબજ રીઝનેબલ ભાવે થઈ શકે તે માટે સહકાર કરી શક્યું છે તેની વિગતો આપી હતી. માનદમંત્રી એ દરેક બાલાસિનોરવાસીઓને જણાવ્યું હતુ કે તેમનાં બ્લડ અને રેડીઓલોજીનાં ટેસ્ટ રીપોર્ટ આપણાં મેડીકલ સેન્ટર મારફતે જ કરાવે જેથી સેન્ટર અને દર્દી બંન્ને લાભ થાય.

શ્રી પંકજ ધારિયાએ દાતાઓનો આભાર માનતા જણાવ્યું હતુંકે તેમના ઉમદા દાનથી જ સંસ્થાઓ સમાજનાં જરુરિયાતમંદ લોકોને મદદ કરી રહી છે અને નવી પેઢીનાં સભ્યોને આહવાન કર્યું હતુ કે તેઓ સમાજનાં નબળા વર્ગને રાહતરુપ થવા આગળ આવે.

કાર્યક્રમની શરુઆત સવારે ૯.૩૦ કલાકે શ્રી આનંદ પલ્વનકર અને શેફાલીનાં કંઠે ગવાયેલા સુમધુર ગીતોથી થઈ હતી અને દાતાઓનો સન્માન સમારંભ પૂરો થયા બાદ ૧૨-૧૫ થી ૧-૧૫ સુધી મ્યુઝીકલ પ્રોગ્રામ ફરીવાર રજુ કરવામાં આવ્યો હતો, હાજર રહેલાં લગભગ ૫૫૦ મેમ્બરોએ સંગીતનો કાર્યક્રમ ખૂબજ શાંતિ પૂર્વક સાંભળ્યો અને માણ્યો હતો.

અંતમાં સમારંભમાં હાજર રહેલ દરેક મેમ્બરોને ડ્રાયફ્રૂટનાં પડીકા આપી કાર્યક્રમને સમાપ્ત થયેલો જાહેર કરવામાં આવેલો. ત્યારબાદ લગભગ ૩૨૫ વ્યક્તિઓએ કાર્યક્રમ બાદ કે.સી. કોલેજની કેન્ટીનમાં સ્વરુચિ ભોજનમાં ભાગ લઈ છુટા પડયા હતાં.

વાડાસિનોરનાં ઈતિહાસમાં એકી સાથે ૪૬ દાતાઓનું બહુમાન અને તે પણ સમયની મર્યાદામાં રહીને સુંદર આયોજન કરવા બદલ સંસ્થા તેમનાં હોદેદારો, વોલીન્ટયરો અને દાતાઓનો હૃદય પૂર્વક આભાર માને છે.

*પંકજ ધારિયા (લાલખાં), દક્ષેશ કડાકિયા (લટકારી)*
*માનદ મંત્રીઓ*

## વાષિર્ક સામાન્ય સભાનો અહેવાલ

ઉપરોક્ત સંસ્થાઓની વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૨૧-૯-૨૦૦૭ ના રોજ તારાબાઈ હોલ, ૯૭ મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦૦૨૦ ખાતે યોજવામાં આવી હતી.

બન્ને સંસ્થાના પ્રમુખ શ્રી વસંત શાંતિલાલ પરીખની નાદુરસ્ત તબીયતને કારણે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી

યોગેશ ધારિયાએ નોટિસો વાંચી હતી તથા માનદમંત્રી શ્રી પંકજ ધારિયા અને શ્રી દક્ષેશ કડકિયાએ ગત વર્ષની સામાન્ય સભાની મિનિટસ અને ચાલું વર્ષનો મેનેજીંગ કમિટિનો વાર્ષિક એહેવાલ રજુ કર્યો હતો. જેને હાજર રહેલાં મેમ્બરોએ પસાર થયેલો જાહેર કર્યો હતો.

માનદ ખજાનચી શ્રી કીર્તિભાઈ દેસાઈ તથા શ્રીમતી સોહિણી કડકિયાએ ચાલુ વર્ષનાં હિસાબો અને સરવૈયાઓ રજુ કરેલાં જે સૌ સંમતિથી પસાર કરવામાં આવ્યા હતા.

શ્રી દક્ષેશ કડકિયાએ ચુંટણી પરિવાર રજુ કર્યું હતું જે છ સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવેલા તેમનાં નામો નીચે મુજબ છે.

૧) શ્રી બીપીન કીર્તનલાલ દોશી
૨) શ્રી દક્ષેશ બાબુલાલ કડકિયા
૩) શ્રી જગદીશ રમણીકલાલ ધારિયા
૪) શ્રી નવીનચંદ્ર જેઠાલાલ શાહ (બરોડાવાલા)
૫) શ્રી વસંત શાંતિલાલ પરીખ
૬) શ્રી વીરેન્દ્ર કંચનલાલ ગાંધી

મે.પી. એમ. ધારિયા એન્ડ કું. ચાટર્ડ એકાઉન્ટન્ટની વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાટે માનદ ઓડિટર તરીકે નિમણુંક કરવામાં આવી હતી. મંડળના ઠરાવો શ્રી જતીન દેસાઈ તથા મેડીકલ ટ્રસ્ટનાં ઠરાવો શ્રી પંકજ ધારિયાએ વાંચી સંભળાવ્યાં હતા.

સંસ્થાએ તેમની મેનેજીંગ કમિટિની મીટીંગમાં જાહેર કર્યા મુજબ હવે પછીથી નવા આજીવન સભ્યો માટેની ફી રૂા. ૨૫૧ થી વધારીને રૂા ૧૦૦૧ કરવામાં આવી હતી તથા વાર્ષિક સામાન્ય સભ્યપદને લગતી કલમ રદબાતલ કરવામાં આવી હતી.

અંતમાં પ્રમુખ શ્રી વસંત પરીખે હાજર રહેલાં સભ્યોનો આભાર માનીને આજની સામાન્ય વાર્ષિક સભા પૂરી થયેલી જાહેર કરી હતી. ત્યારબાદ લગભગ ૧૮૫ સભ્યોએ સંસ્થાએ રાખેલ અલ્પઆહારમાં ભાગ લીધો હતો.

પહેલી મેનેજીંગ કમિટિ મેમ્બરની મિટિંગનો અહેવાલ ઉપરોક્ત બંન્ને સંસ્થાઓની પહેલી મેનેજીંગ કમિટિ મેમ્બરોની મીટિંગ વાર્ષિક સામાન્ય સભા બાદ તારાબાઈ હોલ ખાતે રાખવામાં આવી હતી. હાજર રહેલા સભ્યોએ શ્રી પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) ને આજની સભાનાં પ્રમુખ તરીકે નિમણુંક કર્યા હતા.

શ્રી પ્રવીણચંદ્ર દેસાઈ નવા ચુંટાયેલા સભ્યોને આવકાર્યા હતા અને એજન્ડા મુજબ સભાનું સંચાલન કાર્ય આગળ ચલાવવામાં આવ્યું હતું.

નીચેના ૭ હોદ્દેદારોની નિમણુંક વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે કરવામાં આવી હતી.

| | |
|---|---|
| ૧) શ્રી વસંત શાંતિલાલ પરીખ | પ્રમુખ |
| ૨) શ્રી યોગેશ રમણીકલાલ ધારિયા | ઉપપ્રમુખ |
| ૩) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ | ઉપપ્રમુખ |
| ૪) શ્રી પંકજ કાન્તીલાલ ધારિયા | માનદ મંત્રી |
| ૫) શ્રી દક્ષેશ બાબુલાલ કડકિયા | માનદ મંત્રી |
| ૬) શ્રી કીર્તિકુમાર નટવરલાલ દેસાઈ | ખજાનચી |
| ૭) શ્રીમતી સોહિણી યોગેશકુમાર કડકિયા | ખજાનચી |

નીચેનાં બે સભ્યોની મેનેજીંગ કમિટિ મેમ્બરની ખાલી પડેલી બેઠક માટે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ સુધી નિમણુંક કરવામાં આવી હતી.

૧) શ્રી નિમિષ મનહરલાલ કડકિયા (મલમ)
૨) શ્રી કીરીટ રમણલાલ ધારિયા

નીચેના બે સભ્યોની નિમણુંક કો. ઓપ્ટ મેમ્બર તરીકે વર્ષ ૨૦૦૭-૦૮ માટે કરવામાં આવી હતી.

૧) શ્રી જીતેન્દ્ર ચીમનલાલ કડકિયા (બનડા)
૨) શ્રી શરદ નટવરલાલ દેસાઈ

વર્ષ ૨૦૦૭-૦૮ માટે જુદી -જુદી સમિતિનાં સંચાલકોની નિમણુક કરવામાં આવી હતી.

| **નામ** | **સમિતિ** |
|---|---|
| ૧) શ્રી રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી) | અન્ન સહાય |
| ૨) શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાધી (સુરતી) | લગ્ન રાહત |

૩) શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારિયા (લાંલખાં) જીવન નિર્વાહ
૪) શ્રી કીર્તિ હીરાલાલ કડકિયા મેમ્બર બાબત

ત્યાર બાદ મેડિકલ ટ્રસ્ટની મેનેજીંગ કમિટિ મેમ્બરની મિટિંગ શરુ કરવામાં આવી હતી.

મંડળનાં સાત હોદેદારોની નિમણુંકને મેડીકલ ટ્રસ્ટનાં હોદ્દેદારો તરીકે નિમવામાં આવ્યા હતા.

શ્રી રસિકભાઈ લાકડાવાળાની ગવર્નીંગ કાઉન્સીલનાં કન્વીનર તથા શ્રી કૌશીક કાંતિલાલ કડાકિયાની મેડીકલ રીલીફનાકન્વીનીયર તરીકે વર્ષ ૨૦૦૭-૦૮ માટે નિમણુંક કરવામાં આવી હતી.

બાલાસિનોર મેડીકલ સેન્ટરનાં સુપરિન્ટેડન્ટ તરીકે ડો. અક્ષય દિનકરલાલ સેવક અને એડમિનીસ્ટ્રેટર તરીકે શ્રીમતી કિન્નરી સેવકની નિમણુંક વર્ષ ૨૦૦૭-૦૮ માટે કરવામાં આવી હતી

મેમ્બરોએ હોદેદારોની નિમણુક માટે તેઓને અભિનંદન આપ્યા હતા તથા આજની બેઠકના પ્રમુખ તરીકે શ્રી પ્રવિણચંદ્ર દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

*પંકજ ધારિયા / દક્ષેશ કડકિયા - માનદ મંત્રી*

## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

શ્રી કમળાબેન મોહનલાલ ધારિયા વતી અમેરિકાનિવાસી શ્રી અરવીંદભાઈ મોહનલાલ ધારિયા (કુણીવાલા) એ તેમનાં પુત્રનાં શુભ લગ્ન પ્રસંગે ઉપરોક્તની સંસ્થાને રૂપિયા બે લાખ પચાસ હજાર (રૂા. ૨,૫૦,૦૦૦) નું માતબર દાન આપેલું છે.

સંસ્થા ઉપરોક્ત દાતા તથા તેમના કુટુંબીજનો નો હાર્દિક આભાર માને છે.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુસ્તક કોમ્પ્યુટર શિક્ષણ યોજના

આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Fees |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally | 2 months | 1500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| kids course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મ ની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ચેકથી પાછા આપવામાં આવશે.

**ADDRESS OF TRAINING CENTER**
**SOFTWARE ACADEMY**
15/A PAREHHWADI V.P.ROAD
MUMBAI - 400004 - TEL :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોંચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI**
Tel :- 22060294/ 22038077 / 9821234306.
**NIKOSHI TRADING CO**, ROOM NO 12/5 1ST FLOOR, CARMELLOS BUILDING, 63/67 PATHAK WADI, LOHAR CHAWL, MUMBAI-2

*સંયોજક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - શીરીષ પરીખ.*

THE CRICKETING YEAR 2007-2008 JANSATHI TROPHY IS STARTING ON 14/0CT/2007 (SUNDAY) 9.15 AM. AT WILSON COLLEGE GYMKHANA MARINE DRIVE MUMBAI

AS PER EVERY YEAR WE WILL FELICIATATE OUR TWO GROUP LEADERS WHO ARE THE SENIOR PLAYERS OF OUR COMMUNITY

**GROUP (A) RAJUL M. PARIKH**

| | | |
|---|---|---|
| TEAM | A | 1. RIPAL PARIKH |
| TEAM | A | 2. NIHAR KADAKIA |
| TEAM | A | 3. KINJAL PARIKH |

**GROUP (B) TUSHAR S. PARIKH**

| | | |
|---|---|---|
| TEAM | B | 1. APURAVA DHARIA |
| TEAM | B | 2. RAJUL PARIKH |
| TEAM | B | 3. JIGAR PARIKH |

**GROUP "A"**

NAME SHRI RAJUL MOHANLAL PARIKH (LAI)

**SHREE BALASIONAR NAVYUVAK SANGH**

**JANSATHI TROPHY FOR THE YEAR 2007-2008**

## A-1

**NAME OF THE PLAYER**

| | | | |
|---|---|---|---|
| RIPPAL | B | PARIKH | (CAP) |
| CHIRAG | J | DESAI | (W.k.) |
| VEENEET | | MODY | |
| GOPAL | | SETH | |
| PARESH | R. | PARIKH | |
| SUKETU | N | PARIKH | |
| SANJAY | | MODY | |
| SHITEN | D | KADAKIA | |
| ANISH | | DOSHI | |
| SHARMAIK | | SHAH | |
| DEVANG | | PARIKH | |
| MIHIR | | KADAKIA | |
| ROHAN | | DESAI | |
| CHIRAG | | KADAKIA | |
| DARSHAN | | PARIKH | |

## A-2

**NAME OF THE PLAYER**

| | | |
|---|---|---|
| NIHAR | A | KADAKIA (CAP) |
| CHIRAG | C | PARIKH (WK) |
| DIPEN | K | MODI |
| ANAND | B | SHROFF |
| UTSAV | P | MODY |
| DHARAV | K | PARIKH |
| SAMIR | P | DHARIA |
| ARCHIES | J | MODY |
| PRITESH | | THAKKAR |
| ALKESH | M | KADAKIA |
| SAMIR | R | MODY |
| NIRAJ | K | PARIKH |
| YATIN | | DESAI |
| SACHIT | S | PARIKH |
| DHARAV | D | DHARIA |

## A - 3

**NAME OF THE PLAYER**

| | | | |
|---|---|---|---|
| KINJAL | P | PARIKH | (W/K & CAP) |
| NIREN | K | DHARIA | |
| MITEN | | PARIKH | |
| RAHUL | T | PARIKH | |
| RUCHIT | | DOSHI | |
| HITESH | | SHAH | |
| NILESH | | KADAKIA | |
| PRAFUL | | DHARIA | |
| MITESH | N | DHARIA | |
| ANKIT | | SHAH | |
| CHINTAN | | PARIKH | |
| ROMIL | D | PARIKH | |
| PRASANT | S | MEHTA | |
| JASMIN | | SETH | |
| JIMISH | K | KADAKIA | |

**GROUP "B" NAME SHRI TUSHAR S. PARIKH**

## B -1

**NAME OFTHE PLAYER**

| | | | |
|---|---|---|---|
| APURVA | D | DHARIA | (CAP) |
| CHIRAG | D | DHARIA | (W.K) |
| NITIN | P | GANDHI | |

| | | | |
|---|---|---|---|
| RAVISH | | DESAI | |
| KUNAL | | DHARIA | |
| RAHIL | B | KADAKIA | |
| YOMESH | N | SHAH | |
| CHIRAG | | DOSHI | |
| SACHIN | P | PARIKH | |
| AMIT | J | KADAKIA | |
| HARDIK | S | MODY | |
| ANIK | | DESAI | |
| NISHANT | N | GANDHI | |
| VICKY | | GANDHI | |
| RIKKIN | | KACHARIA | |

**B-2**

**NAME OF THE PAYER**

| | | | |
|---|---|---|---|
| RAJUL | M | PARIKH | (CAP) |
| RUPESH | K | MODY | (W/K ) |
| NITIN | J | PARIKH | |
| SANDEEP | | DHARIA | |
| NIRAV | J | DESAI | |
| ASHWIN | P | KARKERA | |
| RUPIN | P | KADAKIA | (BARA) |
| RIKIT | | MODY | |
| KARAN | R | PARIKH | |
| SAHIL | R | KADAKIA | |
| PARAG | | SHAH | |
| ANISH | | SHAH | |
| KETAN | | KADAKIA | |
| BIPIN | | GANDHI | (KAKA) |
| TUSHAR | | DHARIA | |

**B - 3**

**NAME OF THE PLAYER**

| | | | |
|---|---|---|---|
| JIGAR | K | PARIKH | (CAP) |
| VAISHALY | | GANDHAI | (WK) |
| SAMIR | R | DESAI (MANPURAEALA) | |
| CHETAN | J | KADAKIA | |
| SAURIN | N | PARIKH | |
| RIPPAL | H | DESAI | |
| RITESH | B | KADAKIA | |
| DAISHIK | J | DESAI | |
| SAMIT | V | PARIKH | |
| RASHESH | P | MEHTA | |
| ASHOK | | DHARIA | |
| NAVIL | | SHAH | |
| PLYUSH | | PARIKH | |
| MITUAL | | PARIKH | |
| ASHISH | | SHAH | |

## શુ એ વાત ખરેખર સાચી હતી ?

મધુબનમાં બંસી બાજી હતી,
જેના નાદે ગલીઓ ગાજી હતી,
સૂણીને સ્વર ગોપી ઘેલી બની,
ભૂલી ભાન શુ બાવરી દોડી હતી?
શુ એ વાત ખરેખર સાચી હતી?
ઢોલીડા ઢોલ ધીરો ધીરો વગાડ મા,
રઢિઆળી રાતડીનો રંગ રહી જાય આ,
એવી એક ઢોલીના ઢોલ કેરા તાલની
સૂણી હતી મેં વાત રમણીના રાસની,
ધબકંતાં ઢોલનો સૂણીને નાદ એ,
દોડે આહીરાણી રમવાને રાસડે,
ભૂલીને ભાન શાન ઢોલીના તાલમાં
ચગતો એ રાસડો રઢિઆળી રાતમાં
ગુસ્સે ભરાયો એક આહીર તો ક્રોધમાં,
વાઢી નાખે છે સિર ઢોલીનું વેગમાં
અટકેના તોય એ ઢોલીની થાપટો,
થંભેના રાસડો લેતી એ રમણીઓ.
અંતે ઢળે છે દેહ, થંભે છે થાપટો,
આવે છે ભાનમાં આહિરની ઓરતો
થઈ ગ્યો ગજબરે''ઢોલીડો આથમ્યો''
''ભૂંડા આહીર હવે જીવતર શા કામનાં''
પાછી વળી ના ઘરે આહીરની પત્નીઓ,
તાણી અંતિમ સોડ ઢોલીના સંગમાં,
આજે ના ઢોલી કે આહીરની ઓરતો,
તોયે ચગે છે રાસ ઢોલકના તાલમાં,
''ઢોલીડા ઢોલ ધીરો ધીરો વગાડમાં,''
''રઢીઆળી રાતડીનો રંગ રહી જાય આ''
સાચી છે વાત એ ઢોલીના ઢોલની,
એવી અગમ્ય વાત બંસીને ગોપીની,
મીરાં નરસિંહ સૂરદાસે એ નાદનો,
માણ્યો આનંદ હશે બંસીધર બંસીનો,
મીરાંના મૂખથી સહેજે સરેલ કે,
'ઘાયલ કી ગત તો ઘાયલ હી જાણે.?

*- કાન્તિલાલ વી. શાહ*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Monica Kiritkumar Shah**
D/o. Ranjit O. Parikh (Bakhli)
201, Krishna Kuteer, Plot No.-45,
Road No.-2, West Marredpally,
SECUNDERABAD - (A.P.)
Tel. : (040) 27807790

૨ **શાહ પંકજ કીર્તનલાલ (સેવક)**
**શાહ પીન્કી પંકજ - શાહ અંકીત પંકજ**
નીત્યાનંદ વર્ધમાન એસ.આર.એ.
સહકારી ગૃહ નિર્માણ સંસ્થા લી.
ઈન્દ્રપૂરી બીલ્ડીંગ નં-૧, ૩ જે માળે,
ફ્લેટ નંબર-૩૧૧, સોડાવાળા લેન,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન : ૬૫૨૩૧૯૦૩ / ૯૩૨૩૧૭૮૭૮૧

૩. **સુધીર રમણલાલ ગાંધી**
૨૦૪/બી, દ્વારકાધીશ બિલ્ડીંગ,
ઈરાની વાડી રોડ નંબર-૨, હેમુ કલાની ક્રોસ રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૨૮૦૮ ૨૮૮૮

૪. **શાહ રમેશ શાંતીલાલ (ખડગોધરાવાળા)**
સિધ્ધાર્થ વિલા, બ્લોક નં.-૯૦૩, ૯મે માળે,
૧ લો પારસીવાડા લેન, વી. પી. રોડ, મુંબઈ-૪

૫. **શાહ સમીર રમેશચંદ્ર (ખડગોધરાવાળા)**
શિવદર્શન સત્યનગર કો. હા. સોસાયટી લિ.,
સી/૫૦૯, સત્ય નગર,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨

૬. **પરીખ બંકીમ રજનીકાંત (જુનાગઢવાળા)**
ઈ/૨૧, બી નીરવ મેન્શન, બીજે માળે,
ભાંગવાડી, કાલબાદેવી, મુંબઈ- ૪૦૦૦૦.

૭ **કડકીયા ગોપાલ બાબુલાલ**
ધીરજ કુંજ, 'એ' વીંગ, ૩ જે માળે, ફ્લેટ નંબર-૩૦૧,
બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ- ૫૬

૮. **મોદી મહેન્દ્ર ચીમનલાલ (ઠાસરાવાળા)**
૨૦૪, વસંત વૈકુંઠ, મહાત્મા ગાંધી ક્રોસ રોડ -૪,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭

૯. **મોદી હીમાન્સુ મહેન્દ્ર (ઠાસરાવાળા)**
એ-૩૦૩, જીવન આશા, પટેલ નગરની પાછળ,
મહાત્મા ગાંધી ક્રોસ રોડ નંબર-૪,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭

૧૦. **જયંતિલાલ મોજીલાલ કડકિઆ (બનડા)**
હોળી ચકલા (તુલસી મહોલ્લો)
દશાનિમા વણિક જ્ઞાતિની વાડીની બાજુમાં,
બાલાસિનોર - ૩૮૮૨૫૫

## નવા ફોન નંબર

૧. **કડકિયા રમેશ ઓચ્છવલાલ (બેરા)**
(ઘર) ૬૫૨૩ ૬૨૭૭ (યોગી નગર)
મોબાઈલ : ૯૮૧૯૭ ૯૩૯૦૦

૨. **ચંદ્રકાંત ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા)**
(ફોન) : ૨૨૯૧૫૭૦૯ / ૨૩૬૯૭૦૬૮

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| તારાબેન ચીમનલાલ મોદી (પેપરવાળા) | ૯૨ |
| પુષ્પાબેન વિષ્ણુપ્રસાદ ભાવસાર | ૭૬ |
| સાવિત્રીબેન નવનીતલાલ શાહ (વસનજી) | ૭૭ |
| મોદી કમળાબેન ભીખાલાલ (બાલાસિનોર) | ૯૨ |
| ધારિયા કુસુમબેન બાબુલાલ (દલાલ) | ૭૫ |
| દેસાઈ વિજયકુમાર ચંદ્રકાન્ત | ૬૨ |
| મોદી નવનીતલાલ લલ્લુભાઈ (પરચુરણ) | ૮૪ |
| પરીખ તારાબેન મણીલાલ (પાંડવાવાળા) | ૮૮ |
| કડકીયા નયના મહેશ (ફાંફા) | ૫૮ |
| મધુસુદન ગોકલદાસ મિસ્ત્રી | ૭૧ |

પ્રભુ સદગતના આત્માને ચિર:શાંતિ અર્પે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ઓક્ટોંબર - ૨૦૦૭'

છુટક નકલ રૂા. ૧/-

## સ્વભાવ બદલી નાખો !

અઢાર વરસની વયે એક વ્યક્તિએ ધંધામાં ઝુકાવી દીધું હતું. ધંધાની એક જ લાઈનમાં એણે વીસ વરસ કાઢી નાખ્યાં હતા. પણ પરિસ્થિતિ અત્યારે એવી સર્જાઈ હતી કે એ ધંધામાં હવે કોઈ કસ રહ્યો નહોતો. ખર્ચા - પાણી માંડમાંડ નીકળતા હતા. એના મિત્રે ધંધો બદલાવાની જ્યારે એને સલાહ આપી ત્યારે એણે એટલું જ કહયું કે હવે આટલાં વરસે ધંધો હું શું બદલી શકું ?'

આ જ યુવક એનાં મમ્મી પપ્પાને સતત સલાહ આપી રહ્યો હતો કે 'આ ઘરમાં જો શાંતિથી રહેવું હોય તો તમે તમારો સ્વભાવ બદલી નાખો. મારી પત્નીને તમારો સ્વભાવ બિલકુલ પસંદ નથી.'

એક જ ધંધામાં વીસ વરસ કાઢી નાખ્યાં બાદ નવા ધંધામાં ઝુકાવવું જો યુવકને નથી જામતું તો પાંસઠ-સિત્તેર વરસથી જે સ્વભાવ સાથે પોતાનું જીવન ગુજાર્યું હોય એ મમ્મી પપ્પાને પોતાનો એ જૂનો સ્વભાવ બદલી દેવો શેં જામે ? સમજાશે એ યુવકને આ વાત ?તમારો સ્વભાવને જ એવો બનાવો કે બધેથી સદ્‌ભાવ મળે.

*- સંકલન*

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**આયોજીત**
**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત**

# ૫૬મો વાર્ષિક રસોત્સવ

તા. ૧૮.૧૧.૨૦૦૭ રવિવારે સવારે ૯.૦૦ કલાકે
સ્થળ : બિરલા માતૃશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ

## મુખ્ય મહેમાન
## ગં. સ્વ. મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાળા)

**નવું નાટક**

વહેલો તે પહેલો ધોરણે વ્યક્તિ દીઠ ફક્ત બે ટીકીટો આપવામાં આવશે.
તા. ૪-૧૧-૨૦૦૭, રવિવારે, સવારે ૯.૩૦ વાગ્યાથી

ટીકીટ નીચેના સ્થળેથી મળશે.
(૧) પ્રગતી સમાજની ઓફીસમાંથી (બાબુગેનુ રોડ)
(૨) બાંદ્રા થી ગોરેગાવ - શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીઆ (અણીયાદવાલા)
(૩) મલાડ થી વિરાર - શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) ના ઘરેથી - બોરીવલી (વેસ્ટ)

| પ્રમુખ | મંત્રી | સંયોજક |
|---|---|---|
| ભદ્રેશ ધારીઆ | શીરીષ પરીખ | કીર્તિ કડકીઆ |